જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS


● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । સોમવાર । તા. ૧૫-૦૪-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૨૨ । છૂટક નકલ : ૩ રૂા. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂા.

પ્રથમ તબક્કાના મતદાન બાદ દિલ્હીમાં વિપક્ષની બેઠક મળી

EVMની વિશ્વસનીયતા પર સવાલ ઉઠ્યા: સુપ્રિમમાં જવાની તૈયારીમાં વિપક્ષ

ઈવીએમ સાથે લગાવવામાં આવેલા વીવીપેટના રિએક્શન ટાઈમ અને નીકળતી ચિઠ્ઠી વિશે વિપક્ષે ગંભીર આરોપ લગાવ્યા



મહાગઠબંધન હાર સ્વીકારી ચૂક્યું છે: ભાજપ

ભાજપે મહાગઠબંધનની બેઠક પર કટાક્ષ કરતાં કહ્યું કે તથાકથિત ગઠબંધનને હારનો ડર સતાવી રહ્યો છે. ભાજપ નેતા જીવીએલ નરસિમ્હા એ કહ્યું કે દિલ્હીમાં જે તથાકથિત વિપક્ષી દળોની બેઠક થઈ છે તે મહાગઠબંધનની હાર સ્વીકારનાર બેઠક છે. તેમણે કહ્યું કે એ સ્પષ્ટ છે કે મહાગઠબંધનની પાસે ના તો કોઈ ગવર્નેંસના એજન્ડા છે અને ના લોકોને બતાવા માટે કોઈ લીડરશીપ છે.

ન્યુ દિલ્હી

લોકસભા ચૂંટણી દરમિયાન ઈવીએમનો મુદ્દો ફરી એક વખત વિવાદનું કારણ બન્યો છે. પહેલાં તબક્કાના મતદાન પછી કોંગ્રેસ સહિત ઘણી વિપક્ષી પાર્ટીઓએ ઈવીએમ સાથે લગાવવામાં આવેલા વીવીપેટના રિએક્શન ટાઈમ અને તેમાંથી નીકળતી ચિઠ્ઠી વિશે ગંભીર આરોપ લગાવ્યો છે. વિપક્ષી પાર્ટીઓએ આરોપ લગાવ્યો છે કે, ઈવીએમની સાથે ચેડા કરવામાં આવ્યા છે. તેના કારણે ખોટા વીવીપેટથી ખોટા નામની ચિઠ્ઠી નીકળી રહી છે. વિપક્ષીઓએ હવે આ મુદ્દો સુપ્રીમ કોર્ટમાં ઉઠાવવાનું નક્કી કર્યું છે.

સેવ ડેમોક્રેસી (લોકતંત્ર બચાવો) નામથી રવિવારે કોંગ્રેસ નેતા અભિષેક મનુ સિંઘવી, કપિલ સિબ્બલ, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડૂએ દિલ્હીમાં સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ કરી હતી. આ દરમિયાન કોંગ્રેસના નેતા અને વકીલ અભિષક મનુ સિંઘવીએ કહ્યું હતું કે, ઈવીએમમાં વોટ નાખવા માટે બટન દબાવ્યું તો તેની સાથે જોડાયેલા વીવીપેટ મસીનમાંથી નીકળેલી ચિઠ્ઠી માત્ર ૩ સેકન્ડ માટે જ જોવા મળી. સિંઘવીએ કહ્યું કે, આ સમય ખૂબ ઓછો કહેવાય. તેને વધારીને ૭ સેકન્ડ કરવો જોઈએ.

આ સિવાય મનુ સિંઘવીએ એવુ પણ કહ્યું છે કે, લોકોની ફરિયાદ આવી છે કે, તેમણે જે પાર્ટીને વોટ આપ્યો છે ત્યારપછી વીવીપેટમાંથી જે ચિઠ્ઠી નીકળે છે તેના પર કોઈ અન્ય પાર્ટીનું નામ આવે છે. એટલે કે ઈવીએમમાં ચેડા કરવામાં આવ્યા છે. અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે, જો આપણે વીવીપેટમાંથી નીકળતી ચિઠ્ઠીઓ ગણીએ તો તેમાંથી પાંચ દિવસ કરતાં વધુ સમય થઈ જશે. અમે ચૂંટણી પંચને કહ્યું છે કે, તેમની ટીમ વધારે કારણ કે તેમાં પાંચ દિવસનો સમય ન થવો જોઈએ.

તે ઉપરાંત આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ઈવીએમમાં ચેડાનો સીધો આરોપ લગાવ્યો છે. કેજરીવાલે કહ્યું છે કે, મશીનમાં કોઈ તકલીફ નથી. તેમાં ચેડા કરવામાં આવ્યા છે. આ મશીનોને એ પ્રમાણે ડિઝાઈન કરવામાં આવ્યા છે કે, વોટ માત્ર બીજેપીને જાય. કેજરીવાલે સવાલ ઉભા કરતા પૂછ્યું છે કે, આવું કેમ થાય છે કે, જે મશીનમાં ખરાબી જોવા મળે છે તેમાં વોટ બધા બીજેપીને જ ગયા હોય છે.

કેજરીવાલે વધુમાં કહ્યું કે, હું એક એન્જિનિયર છું. હું પણ દરેક વાતને સમજુ છું. કંઈક તો લોચા છે. કેજરીવાલે આવું કહીને બીજેપી પર પ્રહાર કરતાં કહ્યું છે કે, બીજેપી વાળા પોતાની જાતને મર્દ ગણાવે છે તો ચોરી પણ કરે છે. આ દરમિયાન વોટર લિસ્ટમાં મતદાતાઓના નામ ગાયબ થવાનો પણ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. ટીડીપી ચીફ અને આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુએ આરોપ લગાવ્યો છે કે, તેલંગાણામાં ટેક્નોલોજીનો ખોટો ઉપયોગ કરીને ૨૫ લાખ મતદાતાઓનું વોટર લિસ્ટ હટાવી દેવામાં આવ્યું છે. એમણે એવો પણ આરોપ લગાવ્યો છે કે, વોટિંગ સંખ્યા અને મતગણતરીમાં આવેલા મતદારોની સંખ્યા અલગ અલગ કેવી રીતે હોઈ શકે છે.

રાહુલ ગાંધી સૌરાષ્ટ્રમાં પ્રચંડ પ્રચાર કરશે

આજે રાહુલ ગાંધી ગુજરાતમાં ત્રણ સભાઓ સંબોધશે: ૧૭ એપ્રિલે મોદીની એન્ટ્રી

ગાંધીનગર

રાજ્યમાં ૨૩મી એપ્રિલે મતદાન થવાનું છે ત્યારે હવે તમામ પક્ષનાં નેતાઓ મતદારોને પોતાની તરફ આકર્ષવા માટે એડી ચોટીનું જોર લગાવી રહ્યાં છે.

સોમવારે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી સૌરાષ્ટ્રમાં એક જ દિવસમાં ત્રણ લોકસભા મતક્ષેત્રોમાં સભાઓ સંબોધશે. જ્યારે ૧૭મી એપ્રિલે બુધવારે પીએમ મોદી બે દિવસનાં પ્રવાસે આવી રહ્યાં છે. તેઓ બીજા દિવસ ગુરુવારની સવારે સૌરાષ્ટ્રના અમરેલીમાં ચૂંટણી સભા યોજશે તે જ દિવસે બીજા રાઉન્ડમાં ગુજરાત આવનારા કોંગ્રેસના રાહુલ ગાંધીની સૌરાષ્ટ્રમાં સભાનું આયોજન આખરી તબક્કે છે.

કોંગ્રેસના પ્રિયકાં ગાંધી સૌરાષ્ટ્રમાં સોમનાથ અને ઉત્તર ગુજરાતમાં અંબાજીમાં દર્શન કરીને ગુજરાતમાં ચૂંટણી પ્રચાર કરશે. ગુજરાતમાં તેઓ ત્રણ ચૂંટણી સભાઓ સંબોધશે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી ૧૫ એપ્રિલને સોમવારે સવારે અમરેલી, ભાવનગર અને જૂનાગઢ એમ એક જ દિવસમાં ત્રણ ચૂંટણી સભાઓ સંબોધશે. ત્યારબાદ ૧૮ એપ્રિલે કેશોદ અથવા પોરબંદરમાં કોંગ્રેસની પ્રચાર સભાઓ યોજશે. જ્યાર બાદ ૨૦મી એપ્રિલે બારડોલી, દાહોદ અને પાટણમાં જાહેરસભા કરશે તેમ કોંગ્રેસના આંતરિક સૂત્રો કહી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૭ એપ્રિલની બપોરે ૨ કલાકે અમદાવાદ એરપોર્ટ આવશે.

ભાજપના નેતાનું વિવાદિત નિવેદન માયાવતી ગઠબંધન તોડશે અને અખિલેશ વાનરોની માફક ઘુમશે: નરેશ અગ્રવાલ

લખનઉ

ભારતીય જનતા પાર્ટીના નેતા નરેશ અગ્રવાલે કહ્યું છે કે બહુજન સમાજવાદી પાર્ટી અને સમાજવાદી પાર્ટીનું ગઠબંધન પરિણામ સામે આવતા પહેલા જ તૂટી જશે. નરેશ અગ્રવાલે કહ્યું કે, બહુજન સમાજવાદી પાર્ટીની અધ્યક્ષ માયાવતી ખુદ અખિલેશ યાદવનો સાથ છોડી દેશે અને એ ચોરાહા પર દોડતી નજર આવશે.

એક સમયે સમાજવાદી પાર્ટીનો ચહેરો રહેનારા નરેશ અગ્રવાલે લોકસભા ચૂંટણી પ્રચાર સમયે યૂપીના હરદોઈમાં આ વાત કહી હતી અને આ સમયે તેમણે પોતાના પૂર્વ નેતા અખિલેશ યાદવને પણ નહોતા છોડ્યા. નરેશ અગ્રવાલે કહ્યું કે, ૨૩ મે જ્યારે ચૂંટણી પરિણામો જાહેર થશે તો આગલા દિવસે જ માયાવતી તેમનો સાથ છોડી દેશે. અને સપના અખિલેશ રસ્તાઓ પર દોડતા જોવા મળશે. નરેશ અગ્રવાલે આ વાતનો તર્ક રજૂ કરતા કહ્યું હતું કે, ૨૩ મેના રોજ મતગણતરી થશે અને ૨૪ તારીખે માયાવતી ગઠબંધન તોડી નાખશે. જે પછી અખિલેશ રસ્તામાં વાનરોની માફક દોડશે. જો કે ગઠબંધન પર આ પ્રકારનું નિવેદન પહેલી વખત નથી આવ્યું. નરેશ અગ્રવાલ ન માત્ર માયવતી પર ગઠબંધન તોડવાનો આરોપ લગાવ્યો છે. પણ અખિલેશ યાદવ માટે વિવાદિત શબ્દનો પ્રયોગ પણ કર્યો છે.

JKમાં આતંકી હુમલાને લઈ હાઈ-એલર્ટ: બાઈકના ઉપયોગની આશંકા

શ્રીનગર

જમ્મુ કાશ્મીરમાં ફરીવાર આતંકવાદી હુમલાનું એલર્ટ આપવામાં આવ્યુ. સુરક્ષા એજન્સીઓના જણાવ્યા પ્રમાણે આતંકવાદીઓ શ્રીનગર હાઈવે પર મોટા હુમલાને અંજામ આપી શકે. જેથી હાઈવે પર સુરક્ષા વધારી સેનાને એલર્ટ કરવામાં આવી. મળતી માહિતી મુજબ આતંકવાદીઓ મોટર સાયકલનો ઉપયોગ કરી હુમલાને અંજામ આપી શકેછે. આતંકવાદી હુમલાના એલર્ટના પગલે હાઈવે પર સેનાના કાફલાને રોકી દેવામાં આવ્યો છે. જમ્મુ શ્રીનગર હાઈવે રવિવાર અને બુધવારે બંધ રહેછે. જેથી આતંકવાદીઓ હાઈવે પર હુમલો કરવાની તૈયારી કરી રહ્યા છે.









ક્રિકેટર રવિન્દ્ર જાડેજાના બહેન અને પિતા કોંગ્રેસમાં જોડાયા



કાલાવાડ

દેશની ક્રિકેટ ટીમમાં રમતા અને જાણીતા ક્રિકેટર રવિન્દ્ર જાડેજાનાં મોટા બહેન નયનાબા તથા પિતા અનિરુદ્ધ જાડેજા કોંગ્રેસમાં જોડાયા છે. આજે એક સમારંભમાં તેમણે કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો છે. મહત્વનું છે કે થોડા દિવસ પહેલા રવિન્દ્ર જાડેજાનાં પત્ની રિવાબા ભાજપમાં જોડાયા હતા.

આજે રાજકોટનાં કાલાવાડ ખાતે લોકસભાનાં ઉમેદવાર મૂળુ કંદોરિયાનાં સમર્થનમાં યોજાયેલ સભામાં નયનાબા અને અનિરુદ્ધસિંહ જાડેજા હાજર રહ્યાં હતાં. જ્યાં તેમને કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો છે. જામનગર શહેર ભાજપ કાર્યાલય ખાતે મંત્રી આર.સી. ફળદુ, સાંસદ પૂનમબેન માડમ, શહેર ભાજપ અધ્યક્ષ હસમુખ હિંડોચા અને ધારાસભ્ય હકુભા જાડેજાની હાજરીમાં રિવાબાએ ભાજપમાં વિધિવત પ્રવેશ કર્યો હતો. શહેર ભાજપના હોદ્દેદારોએ તેમને ખેસ પહેરાવી આવકાર્યા હતા. ત્યારે રિવાબાએ જણાવ્યું હતું કે, તેઓ જનસંઘથી ભાજપ સુધીની યાત્રાની વૈચારિક પધ્ધતિથી પ્રભાવિત થઈને ભાજપમાં જોડાવાનું નક્કી કર્યું હતું. કોઇ રાજકીય અપેક્ષા ન હોવાનું કહીને માત્ર કાર્યકર તરીકે જોડાઇ રહ્યા હોવાનું કહ્યું હતું.

કડી પોસ્ટેના નાસતા ફરતા આરોપીને પકડી પાડતી મહેસાણા એસ.ઓ.જી.પોલીસ

ગુજરાત સરકાર, ગૃહ વિભાગ તરફથી નાસતા ફરતા આરોપીઓ પકડવા આપવામાં આપેલ ઝુંબેશ અનુસંધાને મહેસાણા પોલીસ અધિક્ષકશ્રી નિલેશ જાજડીયા સાહેબ નાઓએ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ અસરકારક કામગીરી કરવા તેમજ નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા ડ્રાઇવ રાખવામાં આવેલ તથા મે.પો.અધિક્ષક સાશ્રી મહેસાણાનાઓના નં.૧૬૯/લકબ/કોમ્બીંગ ડે-નાઈટ/૦૭/૨૦૧૯ તા. ૧૨/૦૪/૨૦૧૯ ના અનુસંધાને આજરોજ એસ.ઓ.જી.પો.સબ ઈન્સ.શ્રી એમ.ડી.ચંપાવત નાઓની સુચના મુજબ એસ.ઓ.જી. પોલીસ સ્ટાફના અ.હેડકો ચેતનકુમાર તથા તથા અ.હેડ.કો શૈલેષભાઈ તથા અ.હેડ.કોન્સ.ભીમાભાઈ અ.પો.કો કેયુરભાઈ વિગેરેનાઓ કડી છત્રાલ રોડ ઉપર પેટ્રોલીંગમાં હતા દરમિયાન અ.હેડકો ચેતનકુમાર તથા અ.પો.કો કેયુરભાઈ નાઓની સંયુક્ત ખાનગીરાહે બાતમી હકીકત મળેલ કે કડી પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૦૫/૨૦૧૫ ઈ.પી.કો. કલમ ૪૫૭,૩૮૦ વિગેરે મુજબના ગુનાના કામે નાસતો ફરતો આરોપી નામે મકવાણા રવિકુમાર જયંતિભાઈ રહે.કડી શાસ્ત્રીનગર સોસાયટી બનાસકાંઠા વિસ્તાર રોડ તા.કડી મુળ રહે. રોહિતવાસ ગાંધીચોક પાસે તા.કડી જી મહેસાણા વાળાને આજરોજ તા.૧૩/૦૪/૨૦૧૯ ના રોજ કડી હાઈવે ત્રણ રસ્તાથી સીઆરપીસી ક.૪૧ (૧) આઈ મુજબ અટક કરી કાયદેસર થવા સારૂ કડી પો.સ્ટે. સોપવામાં આવેલ છે. આમ, મહેસાણા એસ.ઓ.જી.ને વધુ એક નાસતો ફરતો આરોપી પકડી પાડવામાં સફળતા મળેલ છે.

મોહન કુંડારિયાએ જિ.પં.ના કોંગ્રેસના સભ્યને ધમકી આપી,ઑડિયો ક્લિપ વાયરલ

ગામમાંથી ૭૦ ટકા મત જોઈએ નહીં તો મંડળી બંધ કરાવી દઈશઃ મોહન કુંડારિયા

રાજકોટ

રાજકોટના લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર મોહન કુંડારિયાનો કથિત ઑડિયો વાયરલ થયો છે. આ ઑડિયોમાં મોહન કુંડારિયા રાજકોટ જિલ્લા પંચાયતના સદસ્ય નાનુભાઈ ડોડિયાને ધમકાવી રહ્યાં છે કે જો તેમને ૭૦ ટકા ઉપર મત નહીં મળે તે તો તેઓ મંડળી બંધ કરાવી દેશે. આ મુદ્દે રાજકોટના લોકસભા ઉમેદવાર લલિત કગથરા અને કોંગ્રેસના નેતા હાર્દિક પટેલે પણ ધમકી આપી છે. જોકે, જી.એન.એસ આ ઑડિયોની પુષ્ટી નથી કરતું.

વાયરલ ઑડિયોમાં મોહન કુંડારિયાએ કહ્યું, 'નાનુ ભાઈ આ વખતે મને ચૂંટણીમાં કોઠારિયાના ૭૦-૭૫ મત જોઈએ, ત્યારે નાનુ ડોડિયા કહે છે કે હવે એ તો જોવું પડે. ત્યારે મોહન કુંડારિયા કહે છે તમે દર ચૂંટણીમાં તમે મારી ખાંડો છો. આ બધા રોડ તમારા કારણે થયા છે. બાકી જો તમે મારી સાથે આ ચૂંટણીમાં રહેવાના હોય તો જ બાકી આ મંડળી જતી રહેશે. ત્યારે નાનુ ડોડિયા કહે છે કે સાહબે હું જિલ્લા પંચાયતનો સભ્ય છું, તમે ડાટી મારોમાં મારૂ ગામ છે અને તમે આવી રીતે ડાટી મારોમાં વ્યવસ્થિત વાત કરો.

મોહન કુંડારિયાએ આ મુદ્દે જણાવ્યું હતું કે કોંગ્રેસ પાસે એક પણ મુદ્દો નથી, ત્યારે આવી ખોટી ઑડિયો વીડિયો વાયરલ કરે છે. મને મારા કાર્યકર્તાઓને જોરે હું લાખની લીડ મેળવીશ. ગત વખતે હું ૨.૫ લાખની લીડથી જીત્યો હતો આ વખતે ૩ લાખનની લીડથી જીતીશ. મને આવી 'ઑડિયા વીડિયા' વિશે કઈ ખબર જ નથી.

કોંગ્રેસમાંથી મળેલ ઈજ્જત અને તાકાત અલ્પેશ હેન્ડલ ન કરી શક્યોઃ હાર્દિક પટેલ

અમદાવાદ

કોંગ્રેસ નેતા હાર્દિક પટેલે પાર્ટી છોડી ગયેલા ઠાકોર સેનાના પ્રમુખ અને રાધનપુરના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર માટે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું હતું કે કોંગ્રેસે અલ્પેશને ઘણી ઈજ્જત આપી હતી પરંતુ કોંગ્રેસમાંથી મળેલી ઈજ્જત અને તાકાત અલ્પેશ હેન્ડલ કરી શક્યા નહીં. અગાઉ પણ અલ્પેશ મુદ્દે હાર્દિક પટેલે પ્રતિક્રિયા આપી હતી અને જણાવ્યું હતું કે અલ્પેશ ભાઈ બહુ રાજનીતિ શીખી ગયા છે.

હાર્દિક પટેલે કહ્યું,કોંગ્રેસે આટલું સન્માન અને શક્તિ આપી હતી પરંતુ તેઓ સંભાળી શક્યા નહીં તેમણે આક્ષેપ-પ્રતિઆક્ષેપની રાજનીતિ શરૂ કરી દીધી. હાર્દિક આ સાથે જ ભારતીય જનતા પાર્ટી પર આક્ષેપ મૂક્યો હતો. હાર્દિકે કહ્યું હતું કે ભાજપે તેમને લોકસભાની ચૂંટણી લડતો અટકાવ્યો. તેમણે કહ્યું કે હું હાઈકોર્ટના ચુકાદાને સ્વીકારૂ છું. ભાજપના વકીલોએ મને રોકવાનો ભરપૂર પ્રયાસ કર્યો તેથી હું ચૂંટણી લડી શક્યો નહીં. કોંગ્રેસ મને સંસદમાં મોકલવા માંગતી હતી. જોકે, હું ૨૫ વર્ષનો યુવાન છું અને ભવિષ્યમાં અનક ચૂંટણીઓ થશે.

ઉલ્લેખીય છે કે અલ્પેશ ઠાકોરે કોંગ્રેસ છોડ્યા બાદ એક તરફ તેઓ ભાજપમાં જોડાવા નથી તો બીજી તરફ કોંગ્રેસ પાર્ટી દ્વારા તેમનું ધારાસભ્યપદ આંચકી લેવા માટેના પ્રયાસો કરાયા છે. હાર્દિક પટેલ હાલમાં દેશભરમાં કોંગ્રેસ પાર્ટી માટે લોકસભાની ચૂંટણીનો પ્રચાર કરી રહ્યાં છે.

રાણપુર એ.પી.એમ.સી.ના ચેરમેન અને ભાજપના પીઢ આગેવાન

સેવાભાવી નરેન્દ્રભાઈ દવે એ પોતાના જન્મદિવસ ની અનોખી રીતે ઉજવણી કરી



ચકલી ઘર અને પાણીના કુંડા નું વિતરણ કરીને લોકો ને અલગ પ્રકાર નો સંદેશ આપ્યો

બોટાદ જીલ્લાના રાણપુર એ.પી.એમ.સી.ના ચેરમેન અને ભાજપના પીઢ આગેવાન સેવાકીય પ્રવૃતી સાથે જોડાયેલા નરેન્દ્રભાઈ દવે એ પોતાના ૬૦ માં જન્મ દિવસની અનોખી રીતે ઉજવણી કરી હતી..નરેન્દ્રભાઈ દવે વર્ષોથી પોતાના જન્મદિવસે અલગ-અલગ પ્રકાર ના રોગ ના મફત નિદાન કેમ્પો કરીને લોકસેવા કરતા આવ્યા છે.તેવો રાણપુર તાલુકામાં સૌથી વધુ ફ્રી નિદાન કેમ્પ કરનાર એકમાત્ર વ્યક્તી છે.જ્યારે આજના જન્મદિવસે તેઓએ ગરમી અને તડકામાં પક્ષીઓને રાહત થાય તે માટે ચકલી ઘર અને પક્ષીઓને પીવા માટેના પાણીના કુંડા નું વિતરણ કરીને પોતાનો જન્મદિવસની ઉજવણી કરીને લોકોને એક સેવાકીય સંદેશો આપ્યો છે. લોકો પોતાના જન્મદિવસે કેક કાપી ખોટા ખર્ચા કરીને જે પૈસા ઉડાડે છે તેવા લોકોએ આ પ્રકારના કાર્યો માંથી શીખવા જેવુ છે .નરેન્દ્રભાઈ દવે એ ચકલી ઘર અને પાણી ના કુંડા નુ વિતરણ ચાલુ કરતા લોકો મોટી સંખ્યામાં ચકલી ઘર અને પાણી ના કુંડા લેવા ઉમટી પડ્યા હતા અને થોડીવાર માં તો ખાલી પણ થઈ ગયા હતા.અને કેટલાય લોકો ખાલી હાથે પાછા ફર્યા હતા.ત્યારે નરેન્દ્રભાઈ દવે એ જણાવ્યુ હતુ કે બે દિવસ બાદ કરી થી ચકલી ઘર અને પાણીના કુંડાનુ વિતરણ કરવામાં આવશે .આ પ્રકારની સેવાકીય કામગીરી થી લોકો નરેન્દ્રભાઈ દવે ને બિરદાવી રહ્યા છે

મહેસાણાના રાધનપુ રોડ ની કનકપાર્ક સોસાયટીના એક મકાનમાં આઈપીએલ મેચ પર સટ્ટો ઝડપી પાડ્યો

નિલેશ જાજડીયા, પોલીસ અધિક્ષક, મહેસાણા તથા મંજીતા, વણઝારા, નાયબ પોલીસ અધિક્ષક, મહેસાણા વિભાગ, મહેસાણા નાઓની સુચનાથી મહેસાણા ડિવિઝનના પો.સ્ટે.વિસ્તારમાં પ્રોહિબીશન તથા જુગારની બદી સદંતર નાબુદ કરવા સુચના કરેલ જે અન્વયે દિનેશભાઇ રામજીભાઇ એ.એસ.આઇ. બ.નં-૧૫૫૧ નોકરી નાયબ પોલીસ અધિક્ષક મહેસાણા વિભાગ,મહેસાણાની કચેરી તથા અ.ડહે.કો. નરેશભાઇ માધુભાઇ નાઓ પેટ્રોલીગમાં હતા દરમ્યાન ખાનગીરાહે બાતમી હકીકત મળેલ કે, જયરાજસિંહ ઉર્ફે શંભુ ભગવતસિંહ રાઠોડ રહે.૨૬-બી, કનકપાર્ક સોસાયટી, રાધનપુ રોડ મહેસાણા વાળો પોતાના રહેણાંક મકાનમાં માણસો બોલાવી આઈ.પી.એલ. મેચ ૨૦-સીરીઝની કોલકત્તા નાઇટ રાઇડર્સ અને દિલ્હી કેપીટલ વચ્ચેની મેચના જીવંત પ્રસારણ ઉપર મોબાઇલ ટેલીફોન ઉપર સટ્ટા બેટીગનો હાર જીતનો જુગાર રમાડે છે જે બાતમી આધારે અમો તથા મહેસાણા શહેર એ.ડીવી.ના પોલીસના માણસો તથા પંચોને સાથે રાખી ઉપરોકત જગ્યાએ રેઇડ કરતાં આરોપી જયરાજસિંહ ઉર્ફે શંભુ ભગવતસિંહ રાઠોડ તથા પટેલ મહેન્દ્રકુમાર બાબુલાલ રહે.૩૩-બી, તુલસી બંગલોઝ સાંઈકિષ્ણા હોસ્પિટલ પાસે રાધનપુર રોડ મહેસાણા વાળા રેઇડ દરમ્યાન રોકડ રકમ રૂ.૧૩,૫૦૦/-, મોબાઇલ ફોન-૭ કિ.રૂ.૭૫૦૦/- ટીવી-૧ કિ.રૂ.૪૦૦૦/- તથા સાધન સાહિત્ય મળી કુલ મુદ્દામાલ રૂ.૨૫,૬૦૫/- ના મુદ્દામાલ સાથે પકડાઈ ગયેલ. જે આરોપીઓ વિરૂધ્ધ મહેસાણા શહેર બી.ડિવિઝન પો.સ્ટે. સે.ગુ.ર.નં.૩૫/૧૯ જુગાર ધારા કલમ ૪,૫ મુજબનો ગુન્?હો રજીસ્ટર કરવામાં આવેલ છે.

રાજકીય વાતાવરણમાં દૂધસાગર ડેરીની મિટિંગને પગલે ગરમાવો

દૂધસાગર ડેરી ભાજપ સરકાર સામે આકરા પાણીએ, કોંગ્રેસને જીતાડવા અપીલ કરી

મહેસાણા

ઉત્તર ગુજરાતમાં લોકસભા ચૂંટણીનો માહોલ ગરમાયો છે. સત્તાપક્ષના મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલા તો સામાપક્ષે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અર્જૂન મોઢવાડિયા, કોંગી ધારાસભ્યો, હાર્દિક પટેલ સહિતના નેતાઓ રાજકીય વાતાવરણને ચૂંટણીમય બનાવી રહ્યા છે. તેવા સમય મહેસાણાની દૂધસાગર ડેરીના નિર્ણયથી રાજકીય વાતાવરણ ગરમાયું છે. ડેરીએ પશુપાલકોની બેઠક બોલાવીને ભાજપ સરકાર દ્વારા થતાં ખોટી હેરાનગતિ મામલે પત્રિકા વહેંચી હતી. તેમજ વર્તમાન ભાજપની સરકાર સામે બાંયો ચઢાવીને કોંગ્રેસને જીત અપાવવા માટે અપીલ કરી હતી. દૂધસાગર ડેરીની મહેસાણા સ્થિત અર્બુદા હોલ ખાતે ડેરી દ્વારા પશુપાલકોની મિટિંગ યોજાઈ હતી. તેમાં ભાજપ સરકાર ડેરીને ખોટી રીતે હેરાન કરતી હોવાનો મુદ્દો ચર્ચો હતો. તેમાં ડેરીના ચેરમેન આશાબેન ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત ઠાકોર સેનાના મહેસાણા પ્રમુખ રામજી ઠાકોર પણ ઉપસ્થિત રહ્યા હતા. પશુપાલકોને કોંગ્રેસને જીતાડવા માટે ડેરીના ચેરમેને અપીલ કરી હતી. ઉલ્લેખનીય છે કે દૂધસાગર ડેરી બે જિલ્લા મહેસાણા અને પાટણમાં લાખોની સંખ્યામાં પશુપાલકો માટે જીવનનો આધાર છે.

ઓવરલોડ પરિવહન સામે સત્યની લડાઈ લડતા યાકુબ મુતવા વિરૂદ્ધ ધમકી ભર્યા ઓડિયો સોશિયલ મીડિયામાં વાયરલ

ભુજ કચ્છ: હાજીપીર રોડ પર થઈ રહેલા પરિવહન સામે લડાઈ લડતા હાજીપીર લડાયક મંચના અગ્રણીઓ એવા યાકૂબભાઈ મુતવા અને સુલતાનભાઈ જત વિરૂદ્ધ એક ઓડિયો વાઈરલ કરવામાં આવ્યો છે. જેમા કોઈ અજાણ્યો વ્યક્તિ એવા શબ્દ બોલી રહ્યો છે કે આ યાકુબ મુતવા અને સુલતાનભાઈ જત જે બે લોકો છે એ સતત કલેક્ટર અને આરટીઓને ઓવરલોડ બંધ કરવા માટે આવેદન પત્ર આપવામા આવે છે.તેથી તમે એસોસિએશન વાળા સમજો તો સારી વાત છે. નહિતર પરિણામ ખરાબ આવશે તેવો ધમકી ભર્યો ઓડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરવામાં આવ્યો છે.હાજીપીર રોડ પર ચાલી રહેલા ઓવરલોડ વાહનોના લીધે રસ્તાને,સ્થાનિક લોકોને,માતેલા સાંઢની માફક દોડતિ ટ્રકોના લીધે અનેક લોકોના જીવ ગયા છે જેની સામે સત્યની લડાઈ લડતા એવા યાકુબભાઈ મુતવા અને સુલતાનભાઈ જત વિરૂદ્ધ આવો ઝેર ફેલાવતો વીડીયો વાયરલ કરવામાં આવેલ છે. આવી ધમકી ભર્યા ઓડિયોનો ધ્યેય એક જ હોઈ શકે આવા સત્યની લડાઈ લડતા લોકો હોય તેમનાં અવાજને દબાવવા અને આવા લોકો જાગૃત ન બને તેથી દર પેદા કરવા માટે થયો હોય તેવો લાગી રહ્યુ છે.

જંગ એ ગુજરાત સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે યાકુબભાઈ મુતવા સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતુ કે આવો વિડિયો ટ્રાન્સપોર્ટ એસોસિએશનના ગ્રુપમાં વાયરલ થયો હતો.કારણ કે યાકુબભાઈ તથા સુલતાનભાઈ હાજીપીર રોડ પર ચાલી રહેલા ઓવરલોડના લીધે થઈ રહેલી મુશ્કેલીથી લડવા સત્યની લડાઈનો અવાજ દબાવવા થયો હતો અને આવતીકાલ યાકૂબભાઈ મુતવા દ્વારા વિધિવત ફરીયાદ નોંધાવશે તેવું જણાવ્યું હતુ. આ સમગ્ર પ્રકરણમાં આરટીઓ તંત્ર દ્વારા હમા લેવાઈ રહ્યાં છે હાજીપીર રોડ પર ચાલી રહેલા ઓવરલોડના લીધે અનેક લોકોના જીવ ગયા છે.છતા પણ તંત્ર દ્વારા હમા લઈને ટ્રાન્સપોર્ટરને મોકળું મેદાન આપવામા આવી રહ્યુ છે.તે સાબિત થાય છે કે આરટીઓના મુખ્ય અધિકારી દિલીપ યાદવના એક ખાસ એજન્ટ દ્વારા કચ્છના ઓવરલોડના હમા વાહન દીઠ તેં એજન્ટ દ્વારા લેવામાં આવી રહ્યાં છે અને તેં એજન્ટ અનેક વાર એસીબીના છટકામાં આવી ચુક્યો છે તોદપાણી થતા અનેક વાર બચી ગયો છે.તો આરટીઓના કમ્પાઉન્ડમાં જુગારમાં અગાઉ આ દિલીપ યાદવનો ફોલ્ડરિયો પકડાઈ ચુક્યો છે.

ગુજરાતમાં ભાજપ ૨૬ બેઠકો જીતશે,ફરી એકવાર મોદી સરકાર બનશેઃ ફડણવીસ

અમદાવાદ

મહારાષ્ટ્રના મુખ્ય મંત્રી દેવેન્દ્ર ફડણવીસ અમદાવાદ શહેરના સારંગપુરમાં આયોજીત બાબા સાહેબ આંબેડકરના જન્મ જયંતિ સમારોહમાં ઉપસ્થિત રહ્યાં હતા. અમદાવાદમાં તેમણે આશાવાદ વ્યક્ત કર્યો હતો કે ગુજરાતમાં લોકસભાની તમામ બેઠકો પર ભાજપ જીતશે. તેમણે કહ્યું હતું કે ભાજપ દેશમાં જંગી બહુમતિથી ચૂંટાશે અને ગુજરાતમાં પણ લોકોએ મન બનાવી લીધું છે, ગુજરાતમાં પણ ભાજપ ૨૬માંથી ૨૬ તમામ બેઠકો જીતશે.

તેમણે કહ્યું,"વડાપ્રધાન મોદીએ ભારતને નવી ઓળખાણ આપી છે, આ વખતે ગુજરાતની ૨૬ બેઠકો સારી લીડ સાથે ભાજપ જીતશે. હું તો ફક્ત શુભકામના આપવા માટે આવ્યો છું, પરંતુ મને લાગે છે લોકોએ મને બનાવી લીધું છે. ગુજરાતમાં તમામ ૧૦૦ ટકા બેઠકો પર ભાજપનો વિજય થશે અને દેશમાં જંગી બહુમતીથી ફરી મોદી સરકાર બનશે. ખેડૂતોના પ્રશ્ન અંગે ફડણવીસે કહ્યું અમે સ્વીકારીએ છે કે ખેડૂતોના પ્રશ્ન છે,ખેડૂતોને સમસ્યા નથી તેવું બિલકુલ નથી પરંતુ જે એમએસપી છે, તેના મુદ્દે પાછલી સરકારોએ ખેડૂતોને ઠગ્યા હતા. મહારાષ્ટ્રમાં પાછલી સરકારે ૪૫૦ કરોડની ખરીદી કરી હતી, અમે ૮,૫૦૦ કરોડની ખરીદી કરી છે. ખેડૂતો ખુશ છે કે તેમના વિશે વિશ્વના કોઈ પ્રથમ દેશમાં વિચારવામાં આવ્યું છે. ખેડૂતો ભાજપની મોદી સરકારથી ખુશ છે, ખેડૂતોને જે પેન્શન યોજનાનો લાભ મળવાનો છે, તેનાથી તેઓ ખુશ છે.

પોલીસ કર્મચારીઓને પોલિંગ સ્ટાફ માટે પોસ્ટલ બેલેટ વડે મતદાન

વ્યારા

૨૩-બારડોલી સંસદીય મતવિસ્તારમાં મતદાર તરીકે નોંધાયેલા તથા તાપી જિલ્લાના પોલીસ કર્મચારીઓ અને પોલીંગ સ્ટાફ કે જેઓ લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ફરજ બજાવવાના છે એવા અધિકારી/કર્મચારીઓ માટે પોસ્ટલ બેલેટથી મતદાન કરવા નીચે મુજબના સ્થળ, તારીખ અને સમયે મતદાન સુવિધા કેન્દ્રની વ્યવસ્થા કરવામાં આવી છે.

૨૩-બારડોલી સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ઠ ૧૫૬-માંગરોળ, ૧૫૭-માંડવી, ૧૫૮-કામરેજ, ૧૬૯-બારડોલી અને ૧૭૦-મહુવા વિધાનસભા મતવિસ્તારના પોલીસ કર્મચારીઓ માટે આજે તા. ૧૩/૦૪/૨૦૧૯ના રોજ સવારે ૧૦:૦૦ કલાકથી સાંજે ૦૬:૦૦ કલાક દરમિયાન ઘલુડી પોલીસ હેડક્વાર્ટર્સ, સુરત ગ્રામ્ય, તા. કામરેજ જિ. સુરત ખાતે પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકશે.

જયારે તા. ૧૫/૦૪/૨૦૧૯ના રોજ ૧૭૧-વ્યારા વિધાનસભા મતવિસ્તાર પોલીસ કર્મચારીઓ માટે મીટીંગ હોલ, પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, તાપી-વ્યારા ખાતે તથા નિઝર વિધાનસભા મતવિસ્તાર માટે આર્ટસ્ એન્ડ કોમર્સ કોલેજ, સોનગઢ જિ.તાપી અને મીટીંગ હોલ, મામલતદાર કચેરી, નિઝર જિ. તાપી ખાતે સવારે ૦૯:૦૦ થી સાંજે ૦૬:૦૦ કલાક દરમિયાન પોસ્ટલ બેલેટથી મતદાન કરવામાં આવશે.

આ ઉપરાંત ૨૩-બારડોલી સંસદીય મતવિભાગના પોલીંગ સ્ટાફ માટે ટપાલ મતપત્રથી મતદાન કરવા માટે ૧૫૬-માંગરોળ વિધાનસભાના પોલીંગ સ્ટાફ માટે તા. ૧૪/૦૪/૨૦૧૯ના રોજ સવારે ૧૦:૦૦ કલાકથી સાંજે ૦૬:૦૦ કલાક દરમિયાન સરકારી વિનયન અને વાણિજય કોલેજ, વાંકલ, ૧૫૭ માંડવી વિધાનસભાના પોલીંગ સ્ટાફ માટે તા. ૧૪/૦૪/૨૦૧૯ના રોજ સવારે ૧૧:૦૦ થી સાંજે ૦૬:૦૦ કલાક દરમિયાન માંડવી હાઇસ્કૂલ ખાતે ટપાલ મતપત્રથી મતદાન કરવામાં આવશે.

૧૫૮-કામરેજ વિધાનસભા મતવિસ્તારના પોલીંગ સ્ટાફ માટે તા. ૧૪મી,એપ્રિલે સવારે ૦૯:૦૦ થી ૧૨:૦૦ અને તા. ૧૫મી, એપ્રિલે બપોરે ૦૨:૦૦થી સાંજે ૦૫:૦૦ કલાક દરમિયાન રામકબીર પ્રાથમિક શાળા હોલ, ખોલવડ, કામરેજ ચાર રસ્તા, તા. કામરેજ, ૧૬૯-બારડોલી વિધાનસભાના પોલીંગ સ્ટાફ માટે તા. ૧૬મી અને ૧૭મી, એપ્રિલે સવારે ૦૯:૦૦ થી સાંજે ૦૫:૦૦ કલાક દરમિયાન ગંગાધરા હાઇસ્કૂલ, ગંગાધરા તા. પલસાણાખાતે, ૧૭૦-મહુવા વિધાનસભા મતવિભાગના પોલીંગ સ્ટાફ માટે તા. ૧૪/૦૪/૨૦૧૯ના સવારે ૦૮:૩૦ કલાકથી ૧૨:૩૦ અને બપોરે ૨:૦૩ થી ૦૬:૦૦ કલાક દરમિયાન સરકારી વિનયન અને વાણિજય કોલેજ, કાછલ તા. મહુવા ખાતે પોસ્ટલ બેલેટથી મતદાન કરવામાં આવશે. ૧૭૧-વ્યારા વિધાનસભાના પોલીંગ સ્ટાફ માટે તા. ૧૭/૦૪/૨૦૧૯ના રોજ સવારે ૦૯:૦૦ કલાકથી સાંજે ૦૬:૦૦ કલાક દરમિયાન ગંગાધરા હાઇસ્કૂલ, ગંગાધરા તા. પલસાણાખાતે, ૧૭૦-મહુવા વિધાનસભા મતવિભાગના પોલીંગ સ્ટાફ માટે તા. ૧૪/૦૪/૨૦૧૯ના સવારે ૦૮:૩૦ કલાકથી ૧૨:૩૦ અને બપોરે ૨:૦૩ થી ૦૬:૦૦ કલાક દરમિયાન સરકારી વિનયન અને વાણિજય કોલેજ, કાછલ તા. મહુવા ખાતે પોસ્ટલ બેલેટથી મતદાન કરવામાં આવશે. ૧૭૧-વ્યારા વિધાનસભાના પોલીંગ સ્ટાફ માટે તા. ૧૭/૦૪/૨૦૧૯ના રોજ સવારે ૦૯:૦૦ કલાકથી સાંજે ૦૬:૦૦ કલાક દરમિયાન ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી ઓડિટોરિયમ હોલ, વ્યારા જિ. તાપી અને ૧૭૨-નિઝર વિધાનસભા મતવિસ્તારના પોલીંગ સ્ટાફ માટે તા. ૧૭/૦૪/૨૦૧૯ના રોજ સવારે ૦૯:૩૦ કલાકથી સાંજે ૦૬:૦૦ કલાક દરમિયાન સરકારી વિનયન અને વાણિજય કોલેજ, સોનગઢ જિ. તાપી ખાતે મતપત્ર મતદાનની વ્યવસ્થા કરવામાં આવી હોવાનું નોડલ ઓફિસર પોસ્ટલ બેલેટ અને જિલ્લા પુરવઠા અધિકારી શ્રીમતી નૈતિકા પટેલ દ્વારા જણાવાયું છે.

બારડોલી બેઠકના ઓબ્ઝર્વર કનોજીયા એમસીએમસી-મીડિયા સેન્ટરની મુલાકાતે

મીડિયા મોનીટરિંગનું ચોકસાઈ પૂર્વક નિરીક્ષણ કરતા ઓબ્ઝર્વર

વ્યારા

આદર્શ આચાર સંહિતાના ચુસ્ત અમલ સાથે ચૂંટણી નિષ્પક્ષ અને ન્યાયિક રીતે સંપન્ન થાય તે માટે પ્રિન્ટ-ઇલેકટ્રોનિક માધ્યમોમાં રાજકીય પક્ષો/ઉમેદવારો દ્વારા પ્રસિદ્ધ કરાતી જાહેરખબર અને ચૂંટણીલક્ષી અન્ય સમાચારો(પેઇડ ન્યુઝ) અહેવાલોનું સતત મોનીટરિંગ કરી પ્રચાર-પ્રસારની તમામ ગતિવિધિઓ પર નજર રાખવા માટે જિલ્લા સેવાસદન બ્લોક-૪ના બીજા માળે જિલ્લા માહિતી કચેરી ખાતે શરૂ કરાયેલ સ્ઝસ્ઝ (મીડીયા સર્ટિફિકેશન એન્ડ મોનીટરિંગ કમિટી અને ઇલેકટ્રોનિક મીડીયા મોનીટરિંગ સેન્ટરની મુલાકાત લઈ કરવામાં આવી રહેલ સ્થાનિક ટીવી ચેનલોમાં આવતા ઓડિયો/વિડીયોના રાઉન્ડ ધ ક્લોક મોનીટરીંગ કામગીરીનુ ઝીણવટ ભર્યુ નિરીક્ષણ કર્યુ હતુ.

તેમણે ૨૩મી, એપ્રલે યોજાનાર લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ દરમિયાન ચૂંટણી લડતા ઉમેદવારો તેમજ રાજકીય પક્ષોની ચૂંટણીલક્ષી માહિતી આંકડાકીય વિગતો મીડીયાને એક જ સ્થળેથી સતત મળી રહે તે માટે ભારતીય ચૂંટણી પંચની સૂચનાનુસાર જિલ્લાકક્ષાએ મીડીયા સેન્ટર કાર્યરત કરવામાં આવેલ મીડિયા સેન્ટરની પણ મુલાકાત લઈને ૨૩-બારડોલી બેઠક્માં સમાવિષ્ટ સાત વિધાનસભ વિસ્તારોના મતદારો મતદાનમથકો ચુંટણી અધિકારી/મદદનીશ ચુંટણી અધિકારીઓ નોડલ અધિકારીઓ આદર્શ આચાર સહિતસંહિતા, મતદાર હેલ્પલાઈન, મતદાન માટેના માન્ય દસ્તાવેજી પુરાવાઓ સહિત ફ્લેક્ષ પેનલ પર પ્રદ્રિશત કરવામાં આવેલ આંકડાકિય વિગતોની વિસ્તૃત જાણકારી મેળવી હતી. આ પ્રસંગે મીડીયા સર્ટિફિકેશન એન્ડ મોનીટરિંગ કમિટીના સભ્ય સચિવ અને સહાયક માહીતી નિયામક આર.આર. તડવીએ રાજકીય પક્ષો, ઉમેદવારો દ્વારા ન્યુઝ ચેનલોમાં તથા રેડિયોમાં આપવામાં આવતી જાહેરાતો, પે ઈડ ન્યુઝ, સ્કોલ અંગેની ઓડિયો-વીડિયોની રાઉન્ડ ધ ક્લોક કરવામાં આવતી મોનીટરીગ તથા મિડીયા સેન્ટરમાં પ્રદર્શિત કરવામાં આવેલ આકડાંકીય માહિતીથી ઓબ્ઝર્વરને વાકેફ કર્યા હતા. તેમણે સ્ઝસ્ઝ અને મીડિયા સેન્ટરની કામગીરીથી સંતોષ વ્યક્ત કર્યો હતો.

ઉલ્લેખનીય કે, જિલ્લા ચૂંટણીતંત્ર અને જિલ્લા માહિતી કચેરીના સંયુકત ઉપક્રમે કાર્યરત આ સેન્ટરમાં ૨૩-બારડોલી લોકસભા બેઠકના મતદાર વિભાગના સ્ત્રી-પુરૂષ મતદારોની સંખ્યા, નોડલ અધિકારી અને ચૂંટણી અધિકારીઓના નામ-સરનામા-સંપર્ક નંબર, આદર્શ આચાર સંહિતા, લોકસભા બેઠકના ચુંટણી અધિકારીના સંપર્ક નંબર, કંટ્રોલ રૂમના નંબરો, વેબસાઇટની વિગત, મતદારોની વિગતો સહિતની રસપ્રદ માહિતી ફલેક્ષ બેનરોના માધ્યમથી પ્રદર્શિત કરવામાં આવી છે. આ મુલાકાત વેળાએ માહિતી મદદનીશ ચીમન વસાવા, ટેકનીકલ આસીસ્ટન્ટ એચ. વી.ગોહીલ, ચૂંટણી શાખાના ચંદ્રશેખર શર્મા સહિત માહિતી ખાતાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કેન્સરના કારણે આધેડ વ્યક્તિની આત્મહત્યા

સુરત

ઓલપાડ તાલુકાના ઈસનપુર ગામના રોયલ પાર્ક ખાતે એક આધેડે આત્મહત્યા કરી લીધી હોવાનો બનાવ ઓલપાડ પોલીસ મથકમાં નોંધાતા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના જાખાના ગામ ખાતેના વતની અને હાલમાં ઓલપાડ તાલુકાના ઈસનપુર ગામના રોયલ પાર્ક ખાતે રહેતા ૬૩ વર્ષીય દલસુખભાઈ ખુશાલભાઈ રાઠોડ છેલ્લા ચાર વર્ષથી કેન્સરની બીમારીથી પીડિત હતા. જેનાથી કંટાળી જઈ આધેડે ગતરોજ પોતાના ઘરમાં પલંગ પર ગેસનો બાટલો મૂકી તેના પર ચઢી પંખા સાથે સાડીનો કટકો બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ બનાવની જાણ તેમના પુત્ર હર્ષદભાઈને કરવામાં આવતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

કોર્ટમાં બોગસ દારપણાનો દાખલો રજૂ કરતા છ સામે પોલીસ ફરિયાદ

જામીનદાર તથા સાગરીતોએ અદાલતને ગેરમાર્ગે દોરી

સુરત

દારપણાનો દાખલો ખોટો બનાવડાવી તેનો ખરા તરીકે કોર્ટમાં ઉપયોગ કરી એક આરોપીને જામીન મુક્ત કરવામાં આવ્યો હતો. આ ગુનામાં ઉમરા પોલીસે છ આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મૂળ મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના વતની અને હાલમાં ડભોલી રોડ સરદાર સોસાયટીમાં રહેતાં આશિષભાઈ શંકરભાઈ રબારીએ ઉમરા પોલીસ મથકમાં નોંધાવેલી એક પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, આ કેસના જામીનદાર તથા તેમના સાગરીતો દ્વારા કોર્ટને ગેરમાર્ગે દોરવવા દારપણાના બોગસ દાખલાઓ બનાવડાવવામાં આવ્યા હતા. બોગસ દારપણાનો દાખલાઓને ખરા તરીકે ઉપયોગ કરી કોર્ટમાંથી જામીન મુક્ત કરવામાં આવતા હતા. જિલ્લા સેવા સદન ખાતે નોકરી કરતા આશિષ રબારીએ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વ્યાજખોરોના ત્રાસથી બારડોલીમાં રોહિતભાઈ હળપતિનો આપઘાત

મૃતકની પત્નીએ વ્યાજખોરો સામે ગુનો દાખલ કરાયો

સુરત

વ્યાજખોરના ત્રાસથી બારડોલીના રોહિતભાઈ હળપીતએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા મૃતકની પત્નીએ વ્યાજખોર સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

બારડોલી પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ બારડોલી હળપતિવાસમાં રહેતાસુજતા બેન રોહિતભાઈ હળપીતએ આરોપી આશિષ પ્રેમજી ભંડારી (રહે. બારડોલી જલારકામ મંદિર) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદીના પતિએ આરોપી પાસેથી ૧૦ ટકાના વ્યાજે રૂપિયા ૧૦,૦૦૦ લીધા હતા અને અવેજ્ઝર મોટર સાઈકલ, આરસી બુક લઈ લીધી હતી. ત્યારબાદ આરોપી પેસાની ઉઘરાણી કરી ટાંટિયા તોડી નાખવાની ધમકી આપતો હતો. આમ બીએસપીની વારંવાર હેરાનગતિથી ત્રાસ જઈ ફરિયાદીના પીત રોહિત ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. બનાવ અંગે બારડોલી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

અઠવાગેટ થેલી પ્લાઝા નીચે દુકાનોમાંથી ૨.૯૦ લાખની ચોરી

વરાછાના કારખાનામાંથી રૂા. ૮૦ હજારના ચણીયા-ચોળી ચોરાયા

સુરત

શહેર ઘરફોડ ચોરીના બનેલા બે બનાવમાં રૂા. ૩.૭૦ લાખની મતા ચોરાઈ હતી.

પ્રથમ બનાવમાં અઠવાગટ જોલી પ્લાજાના પહેલાં માળે આપેલ દુકાન નં. ૧૦૫/૧૦૬માંથી રોકડા રૂપિયા ૨.૮૫ લાખ અને દુકાન નં. ૨૦૨/૨૦૪માંથી રોકડ રૂપિયા ૫૦૦૦ મળી કુલ્લે રૂા. ૨,૯૦,૦૦૦ની કોઈ અજાણ્યા તસ્કરો ચોરી કરી ગયા હતા. બનાવ સંદર્ભે ભૈરવ હરિશચંદ્ર શુકલે અઠવા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

બીજા બનાવમાં વરાછા ઘનશ્યામનગર ખાતા - ૧૬૯ પહેલાં માળેથી અજાણ્યા તસ્કરો કુલ્લે રૂપિયા ૮૦,૦૦૦ની કિંમતની ચણીયા ચોળી ચોલી કરી ગયા હતા. બનાવ સંદર્ભે બળવંત પોપટભાઈ ચાવડાએ વરાછા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

અઠવા કૃષિ ફાર્મ જોગર્સ પાસે રાત્રે બે યુવકો પર ટોળાનો ઘાતકી હુમલો

ગીરવે મૂકેલી મોટર સાઈકલ અંગેના ઝઘડામાં બે યુવકોની હાલત ગંભીર

સુરત

ગિરવે મૂકેલી મોટર સાઈકલના રૂપિયા પરત મેળવવા માટે ૧૦ જણાએ ઘાતક શસ્ત્રો સાથે બે વ્યકિત ઉપર હુમલો કરી જાનથી મારી નાખવાનો પ્રયાસ કર્યો હોવાની ઘટના ઉમરા પોલીસ સ્ટેશને નોંધાઈ હતી.

ઉમરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ અડાજણગામ પારસીવાડ સૂર્યોદય એપાર્ટમેન્ટમાં રહેતા રાહુલ ઘનશ્યામભાઈ રાજપૂત અને મિત્ર જય જશવંત પટેલ સાથે કૃષિ ફાર્મ પાસે જોગર્સ પાર્ક રંગીલા વડા પાંઉની દુકાન પાસે ઊભા હતા, ત્યારે કાર મોટર સાઈકલ .પર ધસી આવેલા સત્યજીત તથા નવેક જણાંએ રાહુલ અને જય ઉપર ઘાતક શસ્ત્રોથી હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. આ બનાવ ગત તા. ૧૧ મીના રોજ રાત્રે ૧૧: ૩૦ કલાકે બન્યો હતો. બનાવ સંદર્ભે રાહુલ ઘનશ્યામ રાજપૂતે પોલીસ ફરિયાદ કરી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ દોઢેક વર્ષ પહેલાં આરોપી સત્યજીત પાસે ફરિયાદીએ પોતાની મોટર સાઈકલ રૂપિયા ૨૫,૦૦૦માં ગિરવે મૂકી હતી.જે પૈકી રૂા. ૧૫,૦૦૦ પરત આપી દીધા હતા. બાકીના દસ હજાર રૂપિયા આપવાના બાકી હતી. જે સંદર્ભે બન્ને વચ્ચે મનદુ:ખ ચાલતુ હતુ. જેની અદાવત રાખી આ હુમલો કરાયો હતો ઉમરા પોલીસે રાયોટિંગ અને હત્યાની કોશિષ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બાઈક સાથે અકસ્માત કેસમાં કાર ચાલકનો નિર્દોષ છૂટકારો

બાઈક ચાલકે દાખવેલી બેદકારીનો લાભ કાર ચાલકને મળ્યો

સુરત

અડાજણ ધનમોરા કોમ્પલેક્ષ પાસે થયેલા અકસ્માતમાં ગુનાના આવશ્કય તત્વો પુરવાર ન થતાં સ્વીફ્ટ કારના ચાલક સલીમ અહમદને કોર્ટ છોડી મૂકવાનો હુકમ કર્યો છે. આ અકસ્માતમાં ભોગ બનનાર મોટર સાઈકલ ચાલકે ઈન્સ્યોરન્સનો કે વચાહનને નુકસાન થયાનો પુરવો કોર્ટમાં રજૂ કર્યો ન હતો તથા પોતે મોટર સાઈકલ પર હેલમેટ પણ પહેર્યુ ન હતું. જેનો લાભ આરોપીને મળ્યો હતો.

આ કેસની વિગત એવી છે કે, ગત તા. ૨૩/૦૪/૨૦૧૭ના રોજ હિરેનભાઈ મહેતા (રહે. ગોપીપુરા) બપોરના સમયે અડાજણ સ્થિત ધનમોરા કોમ્પલેક્ષ સામે ફીજ લેવા માટે પોતાની મોટર સાઈકલ (જીજે-૫-એફજી-૭૮૭) લઈને ગયા હતા. દરમિયાન રસ્તામાં પેટ્રોલ પંપ પાસે પૂરપાટ ઝડપે પસાર થતી સ્વીટ કાર (જીજે-૫-જેએ-૩૧૩)ના ચાલકે તેમને અડફેટમાં લીધા હતા. જેમાં તેમને ફેક્ચર પણ થયું હતું. આ કેસમા પોલીસે ગુનો દાખલ કરી સલીમ અહમદ (રહે. મોરાભાગળ, રાંદેર)ની ધરપકડ કરી હતી.આ કેસમાં બચાવ પક્ષે એડવોકેટ અશ્વિન જે. જોગડિયાએ ફરિયાદીની ઉલટતપાસમાં એ વાત રેકર્ડ પર લાવી હતી કે બનાવના સમયે વાહન ચલાવનારે હેલમેટ પહેર્યું ન હતું. અકસ્માત પાછળથી ગયો હોય અને ફરિયાદી પડી ગયા હોય કારમાં ડ્રાઈવર સીટ પર કોણ બેસેલુ તે તેમણે જોયુ ન હતું. ઉપરાંત અકસ્માતમાં મોટર સાઈકલને નુકસાન થયાના કે મોટર સાઈકલનો વીમો હોવાના કોઈ પુરાવા ફરિયાદ પક્ષે કોર્ટમાં રજૂ કર્યા ન હતા. જેથી બંને પક્ષકારોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે સમગ્ર પુરાવો જોતા તેના આધારે ગુનાના આવશ્યક તત્વો પુરવાર થતા ન હોવાથી તેનો લાભ આરોપીને આપી આરોપીને ગુનામાંથી નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે.

અલથાણમાં રહેતી ૨૧ વર્ષીય યુવતી હેપ્પીબેન પટેલ લાપતા

સુરત

ખટોદરા પોલિસના જણાવ્યા અનુસાર તા.૧૪/૦૩/૨૦૧૯ ના રોજ ફ્લેટ નં.સી-૧૨૧૫, અમૃત્ત એપાર્ટ., સોહમ સર્કલ પાસે, અલથાણ, સુરત (મૂળ વતનઃ પીલુદરા, તા.જિ.મહેસાણા) ખાતે રહેતા વિષ્ણુભાઈ પટેલની ૨૧ વર્ષીય પુત્રી હેપ્પીબેન કોઈને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે. તેની ઉંચાઈ ૫.૫ ફૂટ, રંગે ગૌર વર્ણ અને શરીરે મધ્યમ બાંધાના છે. તેમણે પિંક રંગનું ટોપ તથા ક્રીમ રંગનું કોટન પેન્ટ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલિસ સ્ટેશન અથવા ખટોદરા પોલિસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

કોસાડથી કૃષ્ણાબેન વિરાણી ગુમ થયા

સુરત

અમરોલી પોલિસના જણાવ્યા અનુસાર તા.૦૮/૦૩/૨૦૧૯ ના રોજ એ-૨૦૧, વેલકમ રેસીડેન્સી, સૃષ્ટિ રો હાઉસની બાજુમાં, કોસાડ, અમરોલી (મૂળ વતનઃ ગોંડલ જિ. રાજકોટ) ખાતે રહેતા સંદીપભાઈ પરષોત્તમભાઈ વિરાણીની પત્ની કૃષ્ણાબેન કોઈને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે. તેની ઉંચાઈ ૫.૫ ફૂટ, રંગે ગૌર વર્ણ અને શરીરે મધ્યમ બાંધાના છે. તેમણે બ્લેક રંગનો ડ્રેસ તથા બ્લેક રંગની લેગીંગ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલિસ સ્ટેશન અથવા અમરોલી પોલિસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

ઉત્રાણમાં રહેતા અંશુબેન ગુમા લાપતા થયા

સુરત

અમરોલી પોલિસના જણાવ્યા અનુસાર તા.૦૩/૦૪/૨૦૧૯ ના રોજ ૧૬૭, કીર્તિનગર, ધાબાના વડ પાછળ, ઉત્રાણ ગામ, અમરોલી (મૂળ વતનઃ રાયપટ્ટી ગામ, તા.બીલિકીપુર, જિ. ફૈઝાબાદ, યુ.પી.) ખાતે રહેતા મહેશભાઈ રામરાજ ગુમાની પુત્રી અંશુબેન કોઈને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે. તેઓ છેલ્લા બે વર્ષથી માનસિક બીમાર છે. તેની ઉંચાઈ ૪.૫ ફૂટ, રંગે ઘઉં વર્ણ અને શરીરે મધ્યમ બાંધાના છે. તેમણે લાલ સફેદ રંગની ચેક્સવાળી કેપ્રી પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલિસ સ્ટેશન અથવા અમરોલી પોલિસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

ચૂંટણીના પ્રચાર પર સૂર્યદેવતાનો પ્રભાવ

સુરત

સુરત શહેરમાં કાળજાળ ગરમીનો લોકો ત્રાહિમામ પોકારી ઉઠયાં છે. બપોરની સમયે ઉષ્ણાતામાનનો પારો ઊંચે ચઢતા રસ્તાઓ સુમસામ ભાસી રહ્યાં છે. હાલ લોકસભાની ચૂંટણી પ્રચાર ચાલી રહ્યો છે ત્યારે કાળઝાળ ગરમીમાં પ્રચારમાં વ્યસ્ત લોકસભાના ઉમેદવારોને બરોબર પરસેવો પળી રહ્યો છે. હવામાન કચેરીના જણાવ્યા મુજબ છેલ્લા ચોવીસ કલાકમાં સુરત શહેરનું વધુમાં વધુ તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયો હતું. જ્યારે હવામાં ભેજનું પ્રમાણ ૫૪ ટકા નોંધાયું હતું. જ્યારે ઉત્તર દક્ષિણ દિશા તરફથી ૩ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે.

તંત્રી સ્થાનેથી...

ખેલાડી હવે રોલ મોડલ

હાલના દિવસોમાં બોલિવુડમાં બાયોપિક ફિલ્મોનો દોર ચાલી રહ્યો છે. આ પ્રકારની ફિલ્મો સૌથી વધારે હાલમાં બની રહી છે. આ પ્રકારની ફિલ્મો રેકોર્ડ કમાણી પણ કરી રહી છે. બોક્સર મેરી કોમ, એમએસ ધોની, મિલખા સિંહ, દંગલ જેવી ફિલ્મો પણ બની ચુકી છે. આ તમામ ફિલ્મો રેકોર્ડ સફળતા હાંસલ કરી ચુકી છે. આ તમામ ફિલ્મો પરથી લાગે છે કે ખેલાડીઓ પણ રોલ મોડલ તરીકે સાબિત થઈ રહ્યા છે. તેપહેલા ચક દે ઈન્ડિયાને રેકોર્ડ સફળતા મળી હતી. જ્યારે પાનસિંહ તોમરને રાષ્ટ્રીય એવોર્ડ પણ મળ્યો હતો. આવી ફિલ્મો ચોક્કસપણે ભારતમાં રમતગમતને પ્રોત્સાહન આપવામાં ચાવીરૂપ ભમિકા અદા કરી રહી છે. દગંલ ફિલ્મ રજૂ કરવામાં આવ્યા બાદ મહિલાઓ પણ કુસ્તીના ક્ષેત્રમાં વધુ પ્રમાણમાં એન્ટ્રી કરી રહી છે. જુદા જુદા ક્ષેત્રમાં યુવતિઓ આગળ આવી રહી છે. વર્ષ ૨૦૦૨ના માન્ચેસ્ટર કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ અપાવવાની વાર્તા જ્યારે ચક દે ઈન્ડિયામાં રજૂ કરવામાં આવી ત્યારે ભારતીય યુવતિઓ ગૌરવ અનુભવ કરવા લાગી ગઈ છે. આની મહિલાઓ અને યુવતિઓ પર હકારાત્મક અસર થઈ છે. ફિલ્મ રજૂ કરવામાં આવ્યાના આઠ વર્ષના ગાળામાં જ ભારતીય મહિલાઓ આ ખેલમાં ૩૬ વર્ષ બાદ ઓલિમ્પિક માટે ક્વોલિફાય થવામાં સફળ રહી છે. આવી જ રીતે મેરી કોમ ફિલ્મથી પ્રભાવિત થઈને યુવતિઓ બોક્સર બનવાની દિશામાં આગળ વધી રહી છે. ભાગ મિલ્ખા ભાગ ફિલ્મથી પ્રેરિત થઈને આજની યુવા પેઢી આગળ વધી રહી છે. પહેલા મિલ્ખાની સિદ્ધીથી સામાન્ય લોકો અને ખાસ કરીને યુવા પેઢી પ્રભાવિત ન હતી. પરંતુ આવી ફિલ્મોના કારણે યુવા પેઢી પ્રેરિત થઈ રહી છે. આજે ભાગ મિલ્ખા ભાગ ભાગ, પાનસિંહ તોમર, ગીતા ફોગટ અને મેરી કોમના કારણે યુવા પેઢી પ્રભાવિત થઈ રહી છે. આધુનિક સમયમાં સિનેમા પ્રેમીઓ સાચી ઘટનાથી વાકેફ થવા માંગે છે. સાથે સાથે તેમનાથી પ્રેરિત થઈને આગળ વધવાની પણ ઈચ્છા ધરાવે છે. સચિન એ બિલિયન ડ્રિમ્સ ફિલ્મને લઈને પણ ચાહકો પ્રભાવિત થયા હતા. તેનાથી પ્રેરિત થયા હતા. આ પ્રકારની ફિલ્મોમાં મનોરંજનને વધારે મહત્વ આપવામાં આવતુ નથી. દર્શકોનો રસ રમત ગમતના ક્ષેત્રમાં સતત ભારતનો દેખાવ જુદી જુદી રમતમાં સુધરતા બદલાઈ રહ્યો છે. ૧૯૮૦ના દશકમાં ફિલ્મ અશ્વિની અને હિપ હિપ હુર્રે જેવી ફિલ્મ સફળ સાબિત થઈ ન હતી. આ ફિલ્મો બોક્સ ઓફિસ પર ફ્લોપ સાબિત થઈ હતી. જ્યારે બોક્સર અને જો જિતા વહી સિકન્દર જેવી ફિલ્મોને ચાહકોએ પસંદ કરી હતી. રમત ગમત ઉપર આધારિત ફિલ્મો બનાવવાનો દોર હોલિવુડમાં પણ વર્ષોથી ચાલે છે. વર્ષ ૨૦૦૦ બાદ રમત ગમત ક્ષેત્રે જે કાલ્પનિક ફિલ્મો બની છે તેને પણ બોક્સ ઓફિસ પર સફળતા મળી છે. આ પૈકી મોટા ભાગની ફિલ્મોએ બોક્સ ઓફિસ પર સારો કારોબાર કર્યો છે. ટુંક સમયમાં જ અન્ય રમત પર બાયોપિક ફિલ્મ જોવા મળનાર છે. જેમાં સાઈના નહેવાલ, પીવી સન્ધુ, ગોપિચંદ , પીટી ઉષા, ધ્યાનચંદ, કપિલ દેવ, મિતાલી રાજ પરની ફિલ્મ સામેલ છે.

કાતિલ ગરમીમાં કેરીથી લાભ

તીવ્ર ગરમીની શરૂઆત થઈ ચૂકી છે અને પારો આસમાને પહોંચી રહ્યો છે. વધતી જતી ગરમી વચ્ચે લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. ગરમીમાં શરીરને વધારે પ્રમાણમાં પ્રવાહી પદાર્થોની જરૂર હોય છે. વધતી જતી ગરમી વચ્ચે ફળોના રાજા ગણાતા કેરીની બજારમાં એન્ટ્રી પણ થઈ ચૂકી છે. આવનાર દિવસોમાં બજાર કેરીઓથી ભરાઈ જશે. કેરીને ફળોના રાજા તરીકે ગણવામાં આવે છે તે બાબતથી તમામ લોકો વાકેફ છે પરંતુ કેરી અન્ય રીતે પણ ખૂબ જ મહત્વપૂર્ણ અને ઉપયોગી છે. તાજેતરમાં જ એક અભ્યાસ અને સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે ઉનાળામાં વજન ઘટાડવાની બાબત ઉપયોગી રહે છે અને આમા કેરી મહત્વની ભૂમિકા ભજવી શકે છે. નવી અને તાજી કેરી ખાવાથી વજનને ઘટાડવામાં મદદ મળે છે. આ ફૂટમાં પોષક તત્વો અને ફાઈબરનું ભરપૂર પ્રમાણ હોય છે. નિષ્ણાંતોનું કહેવું છે કે કેરીમાં અન્ય ઉપયોગી ઘટક તત્વો પણ ભરપૂર હોય છે જેમાં બેટા કેરોટીનનો પણ સમાવેશ થાય છે. બેટા કેરોટીન ઉપલબ્ધ કરાવનાર ફૂટમાં કેરી સૌથી આગળ છે. જો કે આમા અન્ય પોષક તત્વો પણ ભરપૂર હોય છે. કેરોલીનને ઘટાડવાના હેતુથી કેરી ખૂબ જ ઉપયોગી પસંદગી છે. કેન્સરના ચોક્કસ સ્વરૂપને ઘટાડવામાં પણ બેટા કેરોટીનની ભૂમિકા છે. પોષક તત્વો પૂરતા પ્રમાણમાં લેવા ગરમીની સિઝનમાં કેરીનો ઉપયોગ કરી શકાય છે. એક ફૂટ શરીરમાં વિટામીન સીના એક દિવસના પૂરવઠાને ઉપલબ્ધ કરાવવામાં સક્ષમ છે. આનો મતલબ એ થયો કે એક ફૂટ દિવસભરની વિટામીન સીની જરૂરિયાત પૂરી કરે છે. ઉપરાંત તે હાડકાઓને મજબૂત બનાવે છે. કારણ કે તેમાં મિનરલ, કેલ્સિયમ, મેગ્નેશિયમ અને બી વિટામીન પણ હોય છે. તેમાં કેરેટેનોઈડ પણ હોય છે જેને લેકોપેન પણ કહેવામાં આવે છે જે અસરકારક એન્ટી ઓક્સીડન્ટ છે. વજન ઘટાડવા કેરી મહત્વની ભૂમિકા ભજવી શકે છે. જો કે તબીબોની સલાહ મુજબ ફૂટનો ઉપયોગ કરવો જોઈએ. કેરી સ્કીનને વધુ ચમકદાર અને સોફ્ટ બનાવવામાં પણ ભૂમિકા ભજવે છે.

લોકસભા ચૂંટણી : ભાજપને ધાર્મિક ધ્રુવીકરણ વધારવા આધાર મળ્યો

માયાવતીના લીધે ભાજપને મુદ્દો મળ્યો



મુસ્લિમો બસપ, સપાના ઉમેદવારને મત આપે તેવા માયાવતીના નિવેદન બાદ ઉત્તરપ્રદેશમાં રાજકીય ગરમી વધીઃ ભાજપ મુદ્દો બનાવવા તૈયાર

કેન્દ્રમાં કોની સરકાર બનશે તે બાબત નક્કી કરવામાં સૌથી મોટી ભૂમિકા અદા કરનાર ઉત્તરપ્રદેશ પર આ વખતે પણ સમગ્ર દેશની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. ઉત્તરપ્રદેશમાં છેલ્લી લોકસભાની ચૂંટણીમાં મોદી લહેર વચ્ચે ભારતીય જનતા પાર્ટીએ જોરદાર સપાટો બોલાવ્યો હતો અને મોટા ભાગની સીટ જીતી ઈતિહાસ સર્જ્યો હતો. મોદી લહેર વચ્ચે સમાજવાદી પાર્ટી, કોંગ્રેસ અને બહુજન સમાજવાદી પાર્ટીનો સફાયો થયો હતો. હવે જ્યારે પાંચ વર્ષના ગાળા બાદ ફરી એકવાર લોકસભાની ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે આ વખતે સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજવાદી પાર્ટી જે હમેંશાથી એકબીજાના દુશ્મન રહ્યા છે તે એક સાથે આવી ગયા છે. આવી સ્થિતમાં આ વખતે ચિત્ર શુ રહેશે તેની ગણતરી ચાલી રહી છે. ઉત્તરપ્રદેશમાં આ વખતે ભાજપ ગઠબંધન અને સમાજવાદી પાર્ટી તેમજ બસપા વચ્ચે સીધી લડાઈ છે. ઉત્તરપ્રદેશમાં હાલમાં કેટલાક મુદ્દાને લઈને રાજકીય પક્ષો મેદાનમાં આવી ચુક્યા છે. ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં ફરી એકવાર હવે ધ્રુવીકરણ મુખ્ય મુદ્દો બનવા જઈ રહ્યો છે. માયાવતીએ મુસ્લિમોની તરફેણમાં નિવેદન કરીને ભારતીય જનતા પાર્ટીને બેઠા બેઠા જ એક મોટો મુદ્દો આપી દીધો છે. છેલ્લા કેટલાક સમયથી પશ્ચિમી ઉત્તરપ્રદેશમાં જાટ અને દલિત મતદારો વચ્ચે ભાજપનુ નેટવર્ક ઘટી રહ્યુ હતુ. વર્ષ ૨૦૧૩ના મુજફ્ફરનગર રમખાણો બાદ વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૭ વચ્ચે જે ધાર્મિક ધ્રુવીકરણની સ્થિતી સર્જાઈ હતી તે આ વખતે દેખાઈ રહી ન હતી. ભારતીય જનતા પાર્ટી સામે પડકારો ઉભા થયેલા હતા. આવી સ્થિતામાં માયાવતીએ નિવેદન કરીને ફરી એકવાર સમસ્યા ઉભી કરી દીધી છે. આના કારણે ભારતીય જનતા પાર્ટી લાભ લેવાના પ્રયાસ કરી શકે છે. માયાવતીના નિવેદનથી ભાજપે ફરી એકવાર ધાર્મિક ધ્રુવીકરણની તક મળી ગઈ છે. ભારતીય જનતા પાર્ટીએ તરત જ આ મુદ્દા પર કામ શરૂ કરી દીધુ છે.

જેને હવે આગામી દિવસોમાં જોરદાર રીતે ચગાવવામાં આવે તેવી શક્યતા છે. આ મુદ્દાને ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ ઉઠાવી ચુક્યા છે. યોગીએ કહ્યુ છે કે કેટલાક પક્ષો મુસ્લિમ મત વિભાજિત ન થાય તેવી વાત કરી રહ્યા છે. સમાજવાદી પાર્ટી અને બસપના ચહેરાને લોકો જોઈ ચુક્યા છે. માયાવતીના નવેસરના નિવેદનના કારણે રાજ્યમાં જોરદાર ચર્ચા છેડાઈ ગઈ છે. હવે ૨૩મી મેના દિવસે જ જાણી શકાશે કે દેવબંદની ધરતી પરથી માયાવતીએ જે અપીલ મુસ્લિમોને કરી હતી તેનાથી તેને ફાયદો થાય છે કે પછી નુકસાન. માયાવતી, અખિલેશ અને ચૌધરી અજિત સિંહે આખરે દેવબંદની પસંદગી કેમ કરી તેને લઈને ચર્ચા છે. સંયુક્ત રેલી માટે અન્ય સ્થળોની પસંદગી થઈ શકી હોત. દેવબંદની પસંદગી કરવા માટે માયાવતીની રણનિતી છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે દેવબંદ સહારનપુરના એક હિસ્સા તરીકે છે. જ્યાંની વસ્તી એક લાખ છે. દેવબંદને ઈસ્લામના બૌદ્ધિક મઠ તરીકે સમજી શકાય છે. અહીં વર્ષ ૧૮૫૭ની ક્રાતિ બાદ ૧૮૬૬માં મૌના મોહમ્મદ કાસિમે દારુલ ઉલુમની રચના કરી હતી. દારુલ ઉલુમનો અર્થ જ્ઞાન સ્થાન થાય છે. જ્ઞાનના આ સ્થાન ખાતે ઈસ્લામનુ જ્ઞાન આપવામાં આવે છે. ઈસ્લામિક યુનિવર્સિટી દારુલ ઉલુમમાંથી ઈસ્લામનુ શિક્ષણ હાંસલ કરીને આગળ વધનાર લોકોની સંખ્યા ખુબ મોટી છે. દુર દુર સુધી વસ્તી ફેલાયેલી છે. ભારત ઉપરાંત પાકિસ્તાન, મલેશિયા અને ઈન્ડોનેશિયા જેવા દેશોમાં દેવબંદની અસર રહે છે. દેવબંદની પસંદગી કેમ કરવામાં આવી તે આ તમામ બાબતોથી સમજી શકાય છે. મહાગઠબંધનની રેલીનો ઉદ્ધેશ્ય એ હતો કે તેઓ માહિતી આપવા માંગતા હતા કે મુસ્લિમ સમુદાયના સૌથી મોટા હિતૈષી તરીકે અન્ય કોઈ નહીં બલ્કે ગઠબંધન છે. ગઠબંધનના લોકો માયાવતી, અખિલેશ અને અન્યોને લાગે છે કે દેવબંદથી નિકળેલ અવા મુસ્લિમના દિલોને સ્પર્શ કરીને જશે અને તેમને ફાયદો થશે. આ કારણસર દેવબંદની જમીનથી ઉભા થઈને માયાવતીએ ખુલ્લી અપીલ મુસ્લિમોને કરી હતી. માયાવતીએ કહ્યુ હતુ કે મુસ્લિમોને તેમના મત બગાડી દેવા જોઈએ નહીં. જેથી કોંગ્રેસને બદલે બસપ, સપાને મત આપવાની અપીલ માયાવતીએ કહી હતી. માયાવતી ઈચ્છતા તો ધર્મનિરપેક્ષતા મતદારના શબ્દનો ઉપયોગ કરી શક્યા હોત. માયાવતીએ જાણી જોઈને વાત કરી હતી. કારણ કે માયાવતી પોતે ચૂંટણી મેદાનમાં નથી. જેથી તેમની સામે કાર્યવાહી કરાશે તો પણ તેમની કોઈ સીટ પર નુકસાન થનાર નથી. માયાવતીએ વિચારીને આ અપીલ કરી હતી. જો કે ભાજપની પાસે મુદ્દાને ચગાવવાની તક છે.

બી એલર્ટ : કિડની ફેઈલ થવા માટેનુ કારણ પણ બની શકે છે

વધુ પ્રમાણમાં વિટામિન-ડી ખતરનાક



વિટામિન-ડીના મુખ્ય સ્ત્રોત તરીકે સુર્ય કિરણ પ્રકાશ છે : સાથે સાથે કેટલીક ખાવાની ચીજોમાં પણ વિટામિન-ડી શરીરને મળે છે

વિટામિન-ડી અમારા શરીર માટે ખુબ મહત્વપૂર્ણ છે. વિટામિન-ડીના મુખ્ય સ્ત્રોત તરીકે સુર્ય કિરણ પ્રકાશ છે. આ ઉપરાંત કેટલીક ખાવા પીવાની ચીજોમાં પણ વિટામિન ડી હોય છે જે શરીરને મળે છે. વિટામિન ડી શરીરમાં કેલ્શિયમ અને ફોસ્ફેટના અવશોષણને વધારે છે. વિટામિન-ડીની કમીના કારણે શરીરમાં અનેક પ્રકારની સમસ્યા ઉભી થાય છે. સામાન્ય રીતે જોવામાં આવે છે કે લોકો વિટામિન ડીની કમીના કારણે કોઈ પણ તબીબની સલાહ લીધા વિના તેની કમીને દુર કરવા માટે ડોઝ લેવાની શરૂઆત કરી નાંખે છે. પરંતુ તમામ લોકોને એક બાબતને ધ્યાનમાં લેવાની જરૂર છે કે વિટામિન-ડીનુ વધારે પ્રમાણ પણ હેરાન કરી શકે છે. વિટામિન ડીના વધુ પ્રમાણમાં કારણે શરીરને ભારે નુકસાન થાય છે. વિટામિન-ડીના વધુ પ્રમાણના કારણે કિડની ફેઈલ થવાનો ખતરો વધી જાય છે. આ ઉપરાંત કિડનીમાં પથરી થવાનો ખતરો પણ રહે છે. વિટામિન ડી વધારે પ્રમાણમાં લેવાથી બ્લડમાં કેલ્શિયમનુ પ્રમાણ ખુબ વધારે હોઈ શકે છે. જે આપના માટે મુશ્કેલી ઉભી કરી શકે છે. કેટલીક વખત તો લોકો આધુનિક સમયમાં વિટામિન ડીની કમીના કારણે થનાર પરેશાનીને વાંચીને અથવા તો કોઈના કહેવા પર વિટામિનડીની ગોળીઓ લેવાની શરૂઆત કરે છે. આના કારણે શરીરમાં વિટામિન વધારે પ્રમાણમાં પહોંચવા લાગી જાય છે. જેથી શરીરની સામે ખતરો સર્જાઈ શકે છે. સૌથી પહેલા તબીબના કહેવા મુજબ તમામ પ્રક્રિયા અપનાવવાની જરૂર હોય છે. તબીબોની સલાહ મુજબ ક કોઈ શરૂઆત ડોઝ લેવાના સંબંધમાં કરવી જોઈએ. વિટામિન ડીનુ પ્રમાણ વધારે હોવાની સ્થિતીમાં જે સમસ્યા ઉભી થઈ શકે છે તેમાં હાર્ટની તકલીફ, ગર્ભપાતનો ખતરો, થાક લાગવા, કમજોરી અને માથામાં દુખાવાની ફરિયાદ રહે છે. વિટામિન ડી શરીર માટે ખુબ ઉપયોગી રહે છે પરંતુ તેના વધારે પડતા ઉપયોગથી નુકસાન થાય છે. વિટામિન ડીના કેટલાક ફાયદાઓ છે તેને લઈને કેટલીક વખત વિગતો જાહેર કરવામાં આવી ચુકી છે. તબીબો પણ વારંવાર કહેતા રહે છે .તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમા પણ જાણવા મળ્યું છે કે વિટામીન ડી વાઈરલ ઈન્ફેશનથી રક્ષણ કરવામાં મદદરૂપ બને છે. અભ્યાસ મુજબ વાઈરલ ઈન્ફેક્શનથી બચાવવામાં વિટામીન ડીની ભૂમિકા ચાવીરૂપ રહે છે તે બાબત સાબિત કરવા માટે ઘણા તારણો પણ નક્કર રીતે રજૂ કરવામાં આવ્યા છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે શિયાળાની સિઝન અને ગરમીની સિઝનમાં અથવા તો મિશ્ર સિઝનમાં વાયરલ ઈન્ફેક્શનના રોગ ફેલાઈ જાય છે. વિટામીન ડીની ભૂમિકા વાયરલ ઈન્ફેક્શનને રોકવામાં મદદરૂપ બને છે. જ્યારે દિવસો નાના હોય છે અને સૂર્યપ્રકાશ પ્રમાણસર નબળો હોય છે ત્યારે વિટામીન ડીનું સ્તર ઘટી જાય છે. આ જ કારણસર લોકો વાયરલ ઈન્ફેક્શના વધુ શિકાર થાય છે. અભ્યાસમાં સૂચન કરવામાં આવ્યું છે કે વિટામીન ડીના ઘટક તત્વો રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે છે જે વાયરલ ઈન્ફેક્શનને રોકવામાં મદદરૂપ બને છે. જર્નલ ઓફ લ્યુકો સાઈટ બાયોલોજીમાં જણાવવામાં આવ્યું છે કે વિટામીન ડીને લઈને કરવાાં આવેલા વધુને વધુ સંશોધનમાં જાણવા મળ્યું છે કે માનવીના આરોગ્ય માટે વિટામીન ડી ખૂબ જ મહત્વપૂર્ણ છે. સ્પેનમાં અભ્યાસ હાથ ધરવામાં આવ્યા બાદ સંશોધકો એવા તારણ ઉપર પહોંચ્યા છે કે જ્યારે પરંપરાગત થેરાપી કામ કરતી નથી ત્યારે વિટામીન ડીના ઘટક તત્વો ઉપયોગી સાબિત થઈ શકે છે. વિટામીન ડીના લોહીના સ્તરમાં ફેરફારની પણ સરખામણી કરવામાં આવી છે. મોટીવયના લોકોમાં વિટામીન ડીની અછત વધારે જોવા મળે છે જેથી તેઓ વધુ બિમાર થઈ જાય છે. કોઈપણ સ્કૂલના શિક્ષકને એમ જ કહેતા સાંભળવામાં આવે છે કે શિયાળાની સિઝનમાં અથવા તો મિશ્ર સિઝનમાં વિટામીન ડી વધારે લેવામાં આવે. વિટામીન ડીના ઘટક તત્વો સસ્તા પણ છે અને સામાન્ય રીતે સુરક્ષિત પણ છે. બીજી બાજુ દરરોજ ૧૦૦૦ મિલીગ્રામ વિટામીન સી લેવાથી ધુમ્રપાનના ૪૫ ટકા જોખમી પરિબળો ઘટી જાય છે. એટલું જ નહીં ધૂમ્રપાન કરનાર લોકોમાં થનાર સામાન્ય તકલીફો પણ વિટામીન સીથી ઓછી થઈ જાય છે. વિટામીન સીથી ભરપૂર ચીજો બજારમાં અનેક ઉપલબ્ધ છે. જો દરરોજ છથી સાત કપ ગ્રીન ટી લેવામાં આવે તો ધૂમ્રપાનથી થનાર સાઈડ ઈફેક્ટ ૪૦થી ૫૦ ટકા ઘટી જાય છે. ગ્રીન ટીમાં એન્ટી ઓક્સિડન્ટ તત્વો હોય છે જે શરીરને ડીટોક્સ કરવામાં મદદરૂપ થાય છે.

ગૅન્ગટોકથી ૪૦ કિલોમીટરના અંતરે સોમગો લેક આવેલું છે, જે સિક્કિમના પૂર્વીય વિસ્તારમાં આવેલું છે. સમુદ્રની સપાટીથી ૩૭૦૦ મીટરની ઊંચાઈ પર આવેલું આ લેક નાથુલા પાસ તરફ જતાં રસ્તામાં આવે છે. શિયાળામાં આ તળાવ થીજી જાય છે ત્યારે ઉનાળામાં બરફ ઓસરતાં તળાવની આસપાસ સુંદર ફૂલો ખીલી ઊઠે છે. દરેક સીઝનમાં આ તળાવનો કલર પણ બદલાતો રહે છે, જેથી અહીના કેટલાક સ્થાનિક લોકો આ તળાવ પર આવતાં ડરે છે. ગુરુ પૂર્ણિમાના દિવસની અહી ઉજવણી કરવામાં આવે છે. આ તળાવમાં રહેલા પાણીમાં કોઈ ચમત્કારિક શક્તિ હોવાની પણ લોકામાં માન્યતા છે. અહીથી ચાઈના બોર્ડર માંડ પાંચ કિલોમીટરના અંતરે છે. ???ગ્રેસિયર???થી ઘેરાયેલું આ લેક અહીંના સુંદર નજરાણાસમાન છે. સાથે બાજુમાં એક શિવનું મંદિર પણ છે. અહી આવતા સહેલાણીઓ આ મંદિરની પણ મુલાકાત લેતાં જાય છે. તળાવની ફરતે ફરવા માટે અહી યાંર્ક સફારી પણ ઉપલબ્ધ છે.

કાંચનજંઘા બાયોસ્પેર રિઝર્વ

કાંચનજંઘા પર્વતમાળાનું પિક (શિખર) વિશ્વનું ત્રીજું સૌથી મોટું પિક ગણાય છે, જેને સ્થાનિક ભાષામાં ડોઝોન્કા પણ કહેવામાં આવે છે. બરફથી આચ્છાદિત કાંચનજંઘા અત્યંત આકર્ષક અને મનમોહક જગ્યા છે. આ સ્થળે ૫૫૦થી અધિક પ્રજાતિનાં પક્ષીઓ જોવા મળે છે. આટલી ઊંચાઈ પર હોવાથી અહી આવેલા નૅશનલ પાર્કને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટમાં પણ સ્થાન મળ્યું છે, જેથી અહીં આવવા માટે ટૂરિસ્ટોએ એક સ્પેશ્યલ પાસ મેળવવાનો રહે છે. તિબેટિયન મહિનાના સાતમા મહિને અહી એક ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવે છે.

લાચોગ

સિક્કિમનાં સૌથી સુંદર ગામડાંમાં લાચોગનો સમાવેશ થાય છે, જે તિબેટિયન બોર્ડરની નજીક આવેલું છે, જેનું નામ પણ ઘણું પ્રખ્યાત છે. અહી આવેલી લાચોગ મોનેસ્ટ્રી અહીનું મુખ્ય આકર્ષણ છે. લાચોગ અહીં આવેલા વૉટરફૉલ અને પાઇન ફૉરેસ્ટને લીધે વધુ જાણીતું છે. ભારતીય આર્મીનો બેઝ પણ અહી જ છે. વાદળોની વચ્ચે ફરી રહ્યા હોય એવું આ ગામડાનું એન્વાયર્નમેન્ટ તમને એક અલગ દુનિયામાં જ લઈ જાય છે.

તાશી વ્યુ પૉઇન્ટ

ગૅન્ગટોકથી આઠ કિલોમીટરના અંતરે તાશી વ્યુ પૉઇન્ટ આવેલો છે, જ્યાંથી ગૅન્ગટોકની ફરતે વીંટળાયેલા સુંદર પર્વતો અને તેની સાથે રમત રમતાં વાદળો તેમ જ કુદરતની સુંદર રચનાઓને જોઈ શકાય છે. વધુ ને વધુ ટૂરિસ્ટોને ખેંચવા માટે અહી ઑબ્ઝર્વેશન ટાવર પણ બનાવવામાં આવેલો છે. પહાડીઓનો અદ્ભુત નજારો જોવો હોય તો સવારે અહી આવવું. આવો જ એક વ્યુ પૉઇન્ટ છે, જેનું નામ છે ગણેશ ટોક વ્યુ પૉઇન્ટ. નામ મુજબ આ સ્થળ ભગવાન ગણપતિના નામ પરથી પડ્યું છે. ઊંચાઈ પર આવેલા આ સ્થળેથી આસપાનું મનોહર લોકેશન દેખાય છે. ગણેશ ટોકના ઊંચાઈ પર આવેલા પૉઇન્ટ પર એક સમયે એક જ વ્યક્તિ જઈ શકે એવું છે.

હનુમાન ટોક

ગૅન્ગટોકથી નવ કિલોમીટર ના અંતરે આવેલું હનુમાન ટોક એ પવનપુત્ર હનુમાન નું પવિત્ર અને શાંત મંદિર છે. આ મંદિરની સાથે એક પૌરાણિક કથા પણ જોડાયેલી છે. રામાયણ કાળ વખતે જ્યારે હનુમાન તેમની લક્ષ્મણ માટે સંજીવની પર્વત હાથ પર ઉંચકીને લઈ જતાં હોય છે ત્યારે તો થાક ખાવા માટે આ સ્થળે થોડી ક્ષણ માટે વિરામ કરવા રોકાયા હતા એવી અહીના લોકોનું કહેવું છે પાછળથી તેમની યાદીના સ્વરૂપે આ મંદિર છે. વર્ષના મોટા ભાગના સમયમાં આ વિસ્તાર બરફથી આચ્છાદિત હોય છે. ગૅન્ગટોકથી નાથુલા પાસ સુધી આવતાં રસ્તામાં રુક્મિણી ફૉલ સહિત કેટલાંક સુંદર લેક પણ આવે છે. ચીનની સીમા પણ અહીથી વધુ દૂર નથી. ભારત અને ચીનની વચ્ચે થતાં ત્રિમાર્ગીય વેપારનો એક માર્ગ પણ છે. આ સ્થળે આવવા માટે તમારી પાસે ભારતીય નાગરિકતા હોવી જોઈએ, કેમ કે અહીં ભારતીયો સિવાય અન્ય કોઈને પણ આવવાની પરવાનગી નથી. ભારતીયોએ પણ અહીં આવવા માટે અગાઉથી પરવાનગી લેવી પડે છે.



નાથુલા પાસ તરફ જતાં રસ્તામાં સોમગો લેક આવે છે, જે ખૂબ જ સુંદર અને રમણીય છે. શિયાળામાં અહીનું પાણી થીજી જાય છે, જ્યારે ઉનાળામાં લેકની ફરતે ફૂલો ખીલી ઊઠે છે.



તાશી વ્યુ પૉઇન્ટ પરથી ગૅન્ગટોકની ખૂબસૂરતીને મન ભરીને માણી શકાય છે.

એમજી માર્ગ

એમજી માર્ગ ગૅન્ગટોકનો મુખ્ય માર્ગ એટલે કે રસ્તો છે. આ રસ્તાને જોવા માટે ટુરિસ્ટો અહી આવે છે. એવું તે શું ખાસ છે આ રસ્તામાં કે લોકો અને ટૂરિસ્ટો અહી સુધી ખેંચાઈ આવે છે? એવો સવાલ જો તમારા મનમાં પણ ઊભો થયો હોય તો તમને જણાવી દઈએ કે આ રસ્તાની મુખ્ય વિશેષતા છે અહીની ચોખ્ખાઈ, જેને લીધે તે માત્ર ગૅન્ગટોક કે સિક્કિમમાં જ નહીં, પરંતુ સમગ્ર ભારતદેશમાં પ્રખ્યાત છે. આ રસ્તા સંપૂર્ણ રીતે સ્વચ્છ અને ચોખ્ખા છે. ચોખ્ખાઈ ઉપરાંત એમજી માર્ગ શૉપિંગ માટે પણ એટલો જ પ્રખ્યાત છે. સાંજના સમયે અહી મોટા પ્રમાણમાં ટુરિસ્ટોની અવરજવર રહેતી હોય છે. આ જ માર્ગ પર ટાઈટેનિક નામક એક પાર્ક પણ છે. જે ખાસ પર્યટકોને આરામ કરવા માટે બનાવવામાં આવેલો છે.

હિમાલયન ઝુઓલૉજિકલ પાર્ક

પ્રાણીઓ પણ કુદરતી સૌંદર્યને માણી શકે અને તેની સાંભળી ચૂક્યા છીએ તેમ જ ઘણી ફિલ્મોમાં પણ આ સ્થળે સૂટ કરાયેલાં દૃશ્યો જોવા મળે છે. નાથુલા પાસ સિલ્ક રૂટ તરીકે પણ જાણીતો છે. વાંકાચૂકા અને દરેક બીજી મિનિટે ઍડવેન્ચરનો અનુભવ કરાવતું આ સ્થળ ખૂબ જ રોમાંચકારી જગ્યા સમયમાં આ વિસ્તાર બરફથી આચ્છાદિત હોય છે. ગૅન્ગટોકથી નાથુલા પાસ સુધી આવતાં રસ્તામાં રુક્મિણી ફૉલ સહિત કેટલાંક સુંદર લેક પણ આવે છે. ચીનની સીમા પણ અહીથી વધુ દૂર નથી. ભારત અને ચીનની વચ્ચે થતાં ત્રિમાર્ગીય વેપારનો એક માર્ગ પણ છે. આ સ્થળે આવવા માટે તમારી પાસે ભારતીય નાગરિકતા હોવી જોઈએ, કેમ કે અહીં ભારતીયો સિવાય અન્ય કોઈને પણ આવવાની પરવાનગી નથી. ભારતીયોએ પણ અહીં આવવા માટે અગાઉથી પરવાનગી લેવી પડે છે.

ક્યારે અને કેવી રીતે જશો?

અન્ય ઉત્તર-પૂર્વીય રાજ્યોની જેમ અહીનું ક્લાયમેન્ટ પણ બધા ટૂરિસ્ટોને બારે મહિના માફક આવે એવું નથી, મતલબ કે શિયાળામાં અહીનું ઉષ્ણતામાન ઘણું નીચું આવી જાય છે, જ્યારે ચોમાસામાં અહી પુષ્કળ વરસાદ પડે છે, જેથી જો અહી મન મૂકીને ફરવું હોય અને કુદરતી સૌંદર્યને માણવું હોય તો એપ્રિલ-મે મહિનો અને ઑક્ટોબર-નવેમ્બર મહિનો બેસ્ટ રહેશે. અગાઉ સિક્કિમમાં કોઈ ઍરપોર્ટ હતું નહીં, જેથી કરીને અહીં આવતા ટૂરિસ્ટોએ ઘણી લાંબી મુસાફરી કરવી પડતી હતી, જોકે ગયા વર્ષે અહી ગૅન્ગટોક નજીક ઍરપોર્ટ શરૂ કરવામાં આવતાં ટુરિસ્ટોને ઘણી રાહત મળી છે. રેલવે માર્ગ અહીં સુધી પહોંચવાનો સેફ માર્ગ છે, જે થોડો લાંબો છે. સિલિગુડી સુધી ટ્રેન લીધા બાદ જાહેર પરિવહન અથવા પ્રાઇવેટ વાહન મારફતે ગૅન્ગટોક સુધી પહોંચી શકાય છે.

ગૅન્ગટોકની જાણીઅજાણી વાતો

પાંડા કાળા અને સફેદ રંગના હોય છે. આ સિવાય પણ પાંડાનો બીજો કોઈ કલર હોઈ શકે છે તેવું ક્યારે આવીને તેવો વિચાર બદલાઈ જશે, કેમ કે અહી કાળા અને સફેદ નહિ, પરતું લાલ રંગના પાંડા જોવા મળશે, જે અહીનું રાષ્ટ્રીય ઍનિમલ છે.

ગૅન્ગટોકમાં દર વર્ષે આંતરરાષ્ટ્રીય ફ્લાવર ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવે છે, જેમાં ઓર્ચિડ, ગુલાબ સહિતનાં સીઝનલ ફૂલોની અનેક પ્રકારની વેરાઈટીનાં ફૂલો મૂકવામાં આવે છે. આ કલેક્શન એટલું બધું વિશાળ હોય છે કે તેને જોવા માટે વિશ્વભરમાંના નૅચરલવર સહિત ટૂરિસ્ટો પણ ઊમટી પડે છે. આ ફેસ્ટિવલનું આયોજન દર વર્ષે માર્ચ મહિના દરમ્યાન કરવામાં આવે છે.

૨૦૧૮ સુધી સિક્કિમમાં કોઈ ઍરપોર્ટ હતું નહી.

અહી સાક્ષરતાનું પ્રમાણ ૯૪ ટકા છે.

અહી નેપાળી ભાષાનું ચલણ વધારે છે, જેથી અહીના થિયેટરમાં નેપાળી ફિલ્મો વધુ બતાવવામાં આવે છે.

દર વર્ષે અહીં ૪,૦૦,૦૦૦ ટુરિસ્ટો આવે છે.

શું ખાશો અને શું ખરીદશો?

ગૅન્ગટોકનું ભોજન એટલે ભારતીય, ચાઇનીઝ અને તિબેટિયન ખોરાકનું કૉમ્બિનેશન. અહીં વેજ અને નૉન-વેજ એમ બન્ને ઑપ્શન અવેલેબલ છે, પરંતુ વેજમાં વેરાયટી ઓછી છે. અહીનું પસંદગીનું ફૂડ મોમોસ અને ઠુકપા છે. ગૅન્ગટોકની લોકલ રેસ્ટોરાંમાં અહીની પ્રખ્યાત વાનગી ટ્રાય કરવા જેવી છે. અહી મળતી ચા અને કૉફીની અલગ ફ્લેવર માણવાની મજા આવશે.

ધ તાશકંદ ફાઈલ્સ- શાસ્ત્રીજીના મોતની કહાની પરદા પર જીવિત થતી નથી

નવીદિલ્હી

ઈતિહાસના વિવાદાસ્પદ પાસાઓને દર્શાવવાની ક્રિએટિવ આઝાદી એક ફિલ્મમેકર ચોક્કસ હોય છે. વિવેક અગ્નિહોત્રીએ આ જ ક્રિએટિવ ફ્રીડમનો ઉપયોગ કરીને ધ તાશકંદ ફાઈલ્સ મૂવી બનાવી છે. ફિલ્મ ઈતિહાસના સૌથી ચર્ચાસ્પદ અધ્યાય એટલે કે દેશના બીજા વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીના મોતની આસપાસ ફરે છે. આ ફિલ્મમાં સવાલ ઉઠાવ્યા છે, શુ તેમનુ મૃત્યુ હાર્ટ એટેકને કારણે થયુ કે પછી તાશકંદ સમજૂતી પર હસ્તાક્ષર કર્યા પછી ઝેર આપી દેવાયુ? લાલ બહાદુર શાસ્ત્રીનું મોત ૧૧ જાન્યુઆરી ૧૯૬૬ના રોજ થયું હતું, તેમનુ મૃત્યુ પછી પોસ્ટ મોર્ટમ કરવામાં કેમ ન આવ્યુ? તેમના શરીર અનેક જગ્યાએ કટ્સના નિશાન કેમ હતા? તેમનું પાર્થિવ શરીર ભારત લાવવામાં આવ્યુ ત્યારે સુજેલુ અને કાળુ કેમ હતુ? જો કે વિવેક અગ્નિહોત્રીએ ફિલ્મનો આ વિષય પસંદ કર્યો તેની સામે લોકો પ્રશ્નો ઉભી કરી રહ્યા છે. ફિલ્મના ક્લાઈમેક્સમાં



જે તથ્ય તરફ ઈશારા થયા તે એકપક્ષી છે. ખાસ કરીને દેશમાં ચૂંટણીનો માહોલ પરાકાસ્ટાએ છે ત્યારે..

ફિલ્મ રિલીઝ થાય તે પહેલા વિવાદમાં આવી હતી જ્યારે લાલ બહાદુર શાસ્ત્રીના પૌત્રએ ડિરેક્ટરને લીગલ નોટિસ મોકલી. આ ફિલ્મની સ્ટોરી મહાત્વકાંક્ષી પોલિટિકલ પત્રકારના સ્કૂલ લાવવાની ચેલેન્જથી શરૂ થાય છે. આ પત્રકાર (શ્વેતા બાસુ પ્રસાદ)ને તેના બૉસને અલ્ટીમેટમ આપ્યુ છે કે તે ૧૫ દિવસની અંદર કોઈ સ્કૂપ નહી લાવે તો તેને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવશે.

આવામાં જન્મ દિવસે તેને એક લીડ મળે છે, જે ભૂતપૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીના મોત અંગે છે. તેને ઉકસાવવામાં આવે છે કે જો આ વિવાદાસ્પદ પ્રકરણ અંગે તે સરકારને જવાબદાર બનાવશે તો મોટો સ્કૂપ બની શકે છે. ત્યારે પછી રાગિણી ઈન્વેસ્ટિગેશનમાં જોડાય છે અને પોતાના સવાલોથી તહેલકો મચાવી દે છે કે ભૂતપૂર્વ વડાપ્રધાનનું મૃત્યુ કુદરતી હતુ કે નહી. ત્યાર પછી શ્યામ સુંદર ત્રિપાઠી (મિથુન ચક્રવર્તી), પીકેઆર નટરાજન (નસીરુદ્દીન શાહ) જેવા પોલિટિકલ નેતા એકબીજાના વિરોધી હોવા છતાંય આ સવાલોની વાસ્તવિકતા જણાવવા માટે કમિટી બનાવે છે. આ કમિટીમાં રાગિણી અને શ્યામ સુંદર ત્રિપાઠી સહિત એક્ટિવિસ્ટ (ઈન્દિરા જોસેફ રૉય), ઈતિહાસવિદ્ આયશા અલી શાહ (પલ્લવી જોશી), ઓમકાર કશ્યપ (રાજેશ શર્મા), ગંગારામ ઝા (પંકજ ત્રિપાઠી), જસ્ટિન કુરિયન અબ્રાહમ (વિશ્વમોહન બડોલા) જેવા લોકોને પસંદ કરવામાં આવે છે. આ ફિલ્મમાં બધા જ કલાકારોએ ઉમદા અભિનય કર્યો છે. નસીરુદ્દીન શાહનો રોલ વધારે નાનો છે. મિથુન ચક્રવર્તીએ શ્યામ સુંદર ત્રિપાઠીની ભૂમિકામાં ખૂબ મનોરંજન કર્યુ છે. પ્લવી જોશી લાંબા અરસા બાદ પરદે જોવા મળી છે. પંકજ ત્રિપાઠી, મંદિરા બેદી, રાજેશ શર્માએ પોતાના આ પાત્રોને સારો ન્યાય આપ્યો છે. રાગિણીના રૂપમાં શ્વેતાએ પાવરપેક્ડ પરફૉર્મન્સ આપ્યુ છે. તેણે આ કોમ્પિટકેટેડ ભૂમિકા સારી રીતે ભજવી છે.

બોલીવુડના ૧૦ દિગ્ગજ કલાકારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે નહીં



નવીદિલ્હી

લોકસભા ચૂંટણી ૨૦૧૯માં વોટની અપીલ કરનાર ઘણા અભિનેતા ભારત સરકારને પસંદ કરવા માટે વોટ કરી શકશે નહીં.કારણ કે આ સ્ટાર્સ ભારતમાં તો રહે છે, પરંતુ ભારતીય નથી.લોકસભા ચૂંટણી ૨૦૧૯ની શરૂઆત થઇ ગઇ છે અને દુનિયાની સૌથી મોટી ડેમોક્રેસી હવે પોતાના નવા પ્રધાનમંત્રી પસંદ કરવા તૈયાર છે. એક તરફ ચૂંટણીથી જોડાયેલી ફિલ્મ બની રહી છે તો કેટલાક બોલીવુડ યુવાઓએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત પણ કરી. જો કે કેટલાક સ્ટાર્સ એવા છે જે ભારતમાં રહેવા છતાં પણ વોટ કરી શકશે નહી.

હકીકતમાં અક્ષય કુમાર પાસે કેનેડાનો પાસપોર્ટ છે અને એના માટે એને ભારતીય નાગરિકતા પણ છોડી દીધી છે. અક્ષય કુમાર પર રાજ ઠાકરેએ એને લઇને તીખી ટિપ્પણી કરી હતી. દીપિકા પાદુકોણે પણ ૨૦૧૯ લોકસભા ચૂંટણી માટે લોકો સાથે વોટ આપવાની અપીલ કરી હતી અને કહ્યું હતું કે એમને દેશ પ્રત્યે પોતાની ફરજ નિભાવવી જોઇએ એ પોતે વોટ કરી શકતી નથી. કારણ કે એ ભારતીય નાગરિક નથી. એનો જન્મ કોપહેગન ડેનમાર્કમાં થયો હતો અને એની પાસે ડેનિશ પાસપોર્ટ છે. આલિયા ભટ્ટ અને એની મા સોની રાજદાન બંનેની પાસે જ બ્રિટિશ પાસપોર્ટ છે. આમિર ખાનનો ભાણિયો અને કેટલીક હિટ ફિલ્મોના હીરો ઇમરાન ખાન પણ વાસ્તવમાં અમેરિકન નાગરિક છે અને એમની પાસે અમેરિકન પાસપોર્ટ છે.

આવી જ રીતે કેટરીના કેફ માટે તો દરેક લોકો જાણે છે. એ ભારતીય નાગરિક નથી અને એટલા માટે ભારતમાં વોટ આપવાનો અધિકાર નથી. કેટરીનાનો જન્મ લંડનમાં થયો હતો. પંજાબી કુડી સની લિયોની જે ભારતની નિશાને પોતાની પુત્રી બનાવી ચુકી છે અને લાખો ભારતીયોનું દીલ જીતી ચુકી છે. એ ખુદ કેનેડાથી આવી છે. નરગિસ ફકરી પાકિસ્તાની નાગરિક નથી પરંતુ એના પિતા પાકિસ્તાની હતા. પરંતુ નરગિસની પાસે અમેરિકાની નાગરિકતા છે. ભલે બોલીવુડમાં મોટું નામ ના હોય પરંતુ વેબ સીરિઝ અને ટીવી સીરિઝ મામલે એ જાણીતો ચહેરો બની ગઇ છે. સપના પાસે બ્રિટિશ નાગરિકતા છે. જેકલીન ફર્નાંડિસ જેની પાસે છે શ્રીલંકાની નાગરિકતા છેલ્લા ૧૦ વર્ષથી વધારે ભારતમાં કામ કરનારી જેકલીન ફર્નાંડિસ હજુ સુધી ભારતની નાગરિકતા મેળવી નથી. એ શ્રીલંકાઈ નાગરિક છે.

નરેન્દ્ર મોદીની અપીલ છતા ક્રિકેટ ખેલાડીઓ મતદાન કરી શકયા નહીં

નવીદિલ્હી

લોકસભાની ચુંટણીના મતદાન પહેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશભરના બધા સેલિબ્રિટીઓને મતદાન કરવા અને મતદાન માટે પ્રેરિત કરવાની અપીલ કરી હતી પરંતુ હાલ દેશમાં લોકસભા ચૂંટણીની સાથે-સાથે આઈપીએલની સિઝન પણ ચાલી રહી છે. ૧૧ એપ્રિલે લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૯૧ સીટો માટે મતદાનમાં લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જોકે આ દરમિયાન આઈપીએલના ઘણા સ્ટાર ખેલાડી મતદાન કરી શક્યા ન હતા. આ સ્ટાર ક્રિકેટર્સમાં ચેન્નાઈ સુપરકિંગ્સનો સુરેશ રૈના, અંબાતી રાયડુ, સનરાઈઝર્સ હૈદરાબાદનો ભુવનેશ્વર કુમાર, આરસીબીનો ઉમેશ યાદવ અને દિલ્હી કેપિટલ્સનો હનુમા વિહારી સામેલ છે.

ચેન્નાઈનો રૈના આઈપીએલમાં વ્યસ્ત હોવાથી પોતાનો વોટ આપી શક્યો ન હતો. ૧૧ એપ્રિલે તેના લોકસભા ક્ષેત્ર ગાજિયાબાદમાં મતદાન થયું હતું. જોકે તે જયપુરમાં રાજસ્થાન રોયલ્સ સાથે તૈયારીના કારણે મતદાનમાં ભાગ લઈ શક્યો ન હતો. આવી જ સ્થિતિ ભુવનેશ્વર કુમારની હતી. પ્રથમ તબક્કામાં મેરઠ લોકસભા સીટ પર ચૂંટણી થઈ હતી પણ તે લોકતંત્રના આ પર્વમાં ભાગ લઈ શક્યો ન હતો. આ લિસ્ટમાં ત્રીજુ મોટુ નામ ચેન્નાઈના અંબાતી રાયડુનું છે. જે રાજસ્થાન રોયલ્સ સામે મેચ હોવાના કારણે વોટ આપી શક્યો ન હતો. તેનું ઘર આંધ્ર પ્રદેશના ગુંટૂર લોકસભામાં આવે છે.

આ સિવાય આરસીબીનો ફાસ્ટ બોલર ઉમેશ યાદવ પણ વોટ કરી શક્યો ન હતો. તે મહારાષ્ટ્રના નાગપુરનો રહેવાસી છે. જ્યાં ૧૧ એપ્રિલે મતદાન થયું હતું.

દિલ્હી કેપિટલ્સનો યુવા બેટ્સમેન હનુમા વિહારી પણ મત આપી શક્યો ન હતો. તે આંધ્ર પ્રદેશની કાકીનાડા લોકસભામાંથી આવે છે. ઉલ્લેખનીય છે કે ચૂંટણી શરુ થયા પહેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશભરના બધા સેલિબ્રિટીઓને મતદાન કરવા અને મતદાન માટે પ્રેરિત કરી હતી

અમિતાભ બચ્ચન અને ઈમરાન હાશમી એક સાથે જોવા મળશે

નવીદિલ્હી

અભિનેતા અમિતાભ બચ્ચન અને ઈમરાન હાશમી જલદી રૂમી જાફરી નિર્દેશિત સાઈકોલોજિકલ થ્રિલરમાં એકસાથે નજર આવશે. આ ફિલ્મના નિર્માતા આનંદ પંડિત હશે.

પંડિતે એક નિવેદનમાં કહ્યું કે 'બચ્ચનની સાથે મારી મિત્રતા દાયકા જૂની છે. અત્યાર સુધી હું કોઈપણ એવા અભિનેતાને મળ્યો નથી જે તેમની માફક કામ પ્રત્યે સમર્પિત હોય. મારા માટે આ સન્માનની વાત છે કે એવા લીજેંડ સાથે મને કામ કરવાની તક મળશે. ફિલ્મના વિષય અનુસાર અમિતાભ અને ઈમરાનનો કૌશલ આપણને અમે જીત અપાવશે.

તો બીજી તરફ બિગ બીએ ટ્વિટ કર્યું કે ''ખૂબ પહેલાં લેવામાં આવેલો સંકલ્પ, હવે જઈને પુરો થશે...અંતતઃ આનંદ પંડિત દ્વારા નિર્મિત તથા રૂમી જાફરીના નિર્દેશનમાં બનનારી ફિલ્મમાં ઈમરાન હાશ્મીની સાથે કામ કરવાની તક મળશે.

અમિતાભ અને ઈમરાન આ ફિલ્મમાં પહેલીવાર સાથે જોવા મળશે. તમને જણાવી દઇએ કે હાલમાં અમિતાભ બચ્ચન પોતાની તાજેતરમાં રિલીઝ થયેલી 'બદલા'ને લીધે બોક્સ ઓફિસ પર છવાયેલા છે. આ સાથે જ તે હાલમાં પોતાની આગામી તમિળ અને હિંદીમાં બની રહેલી ફિલ્મ 'ઉયાર્ન્થા મનિથન'ના શૂટિંગમાં વ્યસ્ત છે. ફિલ્મમાં અમિતાભનો ગેટઅપ ચર્ચામાં છે.

'ઉયાર્ન્થા મનિથન' નું નિર્દેશન તમિલવાનન કરી રહ્યા છે. આ સાથે જ હિંદીમાં પણ બનાવવામાં આવશે. આ ફિલ્મની સત્તાવાર જાહેરાત ગત ઓગસ્ટમાં કરવામાં આવી હતી. ફિલ્મનું મુખ્ય શૂટિંગ આ મહિનાની શરૂઆતમાં શરૂ કરવામાં આવશે.

આઈપીએલ ૨૦૧૯ની દરેક મેચમાં ૫ લાખનું ઈનામ, તો ક્યાંક કરિયાણું, ડેટા અને ચંપલ મળે છે



મુંબઈ

ઈન્ડિયન પ્રિમિયર લીગની ૧૨મી સીઝન ચાલી રહી છે. આ ટૂર્નામેન્ટમાં ક્રિકેટરોને સૌથી વધુ પૈસા મળે છે. પ્લેયર્સની પાસે હરાજીમાં મોટી બોલી કમાવવાની સાથે મેચ દરમિયાન સારું પ્રદર્શન કરી રકમ જીતવાની તક મળે છે. આઈપીએલ ૨૦૧૯ દરમિયાન એક મેચમાં પાંચ પ્રકારના એવોર્ડ આપવામાં આવી રહ્યા છે. તેમાં કેચ ઓફ ધ મેચ, સ્ટાઈલિશ પ્લેયર ઓફ ધ મેચ, સુપર સ્ટ્રાઈકર ઓફ ધ મેચ, ગેમચેન્જર ઓફ ધ મેચ અને મેન ઓફ ધ મેચ સામેલ છે. આ તમામ કેટેગરીમાં પ્લેયરને એક-એક લાખ રૂપિયા મળે છે. આ રીતે પાંચ લાખ રૂપિયાની રકમ અલગ-અલગ સ્પોન્સર તરફથી ઈનામ તરીકે આપવામાં આવે છે.

દુનિયાના બાકી દેશોમાં હાલત આવી નથી. અનેક દેશોમાં મેન ઓફ ધ મેચનો એવોર્ડ જ આપવામાં આવે છે. તેમાંથી ઈનામ તરીકે ટ્રોફી જ આપવામાં આવે છે કે પછી રોકડ ઈનામ ઘણું ઓછું હોય છે. આ દરમિયાન એવી સીરીઝ પણ જોવા મળી છે જેમાં ટૂર્નામેન્ટ જીતનારી ટીમને માત્ર ટ્રોફીથી જ સંતોષ માનવો પડે છે.

આ વર્ષની શરૂઆતમાં ભારતે જ્યારે ઓસ્ટ્રેલિયામાં વનડે સીરીઝ જીતી હતી તો તેને માત્ર ટ્રોફી મળી હતી. તેની સાથે કોઈ પ્રકારના મેડલ કે પ્રાઈઝ મની નહોતી આપવામાં આવી. બાદમાં સુનીલ ગાવસ્કર સહિત અનેક ક્રિકેટરોએ ટ્રોફીની સાથે રોકડ રકમ ન આપવા પર ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડની ટીકા કરી હતી.

ઈંગ્લેન્ડમાં પણ મેચો દરમિયાન મેન ઓફ ધ મેચ પસંદ થનારા પ્લેયરને નાની ગિફ્ટ કે શેમ્પેનની બોટલ જ આપવામાં આવે છે. ગયા વર્ષે સોશિયલ મીડિયા પર એક ફોટો સામે આવ્યો હતો જેમાં મેન ઓફ ધ મેચ પસંદ કરાયેલા પ્લેયરને પુરસ્કાર તરીકે પ જીબી ડેટા આપવામાં આવ્યો હતો. આ ફોટો દક્ષિણ આફ્રિકાનો હતો. જોકે એ સ્પષ્ટ નહોતું થઈ શક્યું કે આ મેચ કઈ ટૂર્નામેન્ટની હતી. આ તસવીર થોડા દિવસો પહેલા સોશિયલ મીડિયા પર ફરીથી ઘણી વાયરલ થઈ હતી. ઉલ્લેખનીય છે કે દુનિયાના અનેક દેશોમાં ડેટા ઘણો મોંઘો છે, તે હિસાબે આ પુરસ્કાર તે દેશની પરિસ્થિતિ અનુસાર ઘણો મોટું છે. બીજી તરફ, ઈન્ટરનેટ પર આ પ્રકારના અનેક ફોટો ઉપલબ્ધ છે જેમાં મેન ઓફ ધ મેચ બનનારા પ્લેયર્સને પુરસ્કારમાં કરિયાણાનો સામાન, કેરેટ ભરીને બીયર અને ચંપલ આપવામાં આવે છે. જોકે, તેમાંથી મોટાભાગના ફોટો આફ્રિકાના છે.

વિશ્વકપ ૨૦૧૯: દિનેશ કાર્તિક ઋષભ પંત વચ્ચે કોણ ફાવશે ?

નવીદિલ્હી

વિશ્વ કપ માટે ભારતીય ટીમની પસંદગી માટે હવે માંડ બે દિવસ બાકી રહ્યા છે. ૧૫ એપ્રિલે ટીમ ઈન્ડિયા માટે પસંદ કરાયેલ ખેલાડીઓની યાદી જાહેર કરાશે. આમ જોવા જઈએ તો ટીમ માટે મોટા ભાગના ખેલાડીઓનું ચિત્ર સ્પષ્ટ છે. ટીમના કેપ્ટન વિરાટ કોહલીથી લઈને ૧૫ ખેલાડીઓ પૈકી ૧૩ ખેલાડીઓની પસંદગી લગભગ નક્કી જેવું જ છે. પરંતુ બે ખેલાડીઓ માટે ચાર પાંચ ખેલાડીઓ વચ્ચે ટક્કર છે.

જેમાં દિનેશ કાર્તિક અને અને ઋષભ પંત વચ્ચે મેદાન માટે જંગ જેવી સ્થિતિ છે. જોકે પંતનું પલ્લુ ભારે હોવાનું કહેવાય છે. દિનેશ કાર્તિક અને ઋષભ પંત વચ્ચેના આ જંગમાં કોણ ફાવશે અને ટીમ ઈન્ડિયામાં પોતાનું સ્થાન બનાવશે એ તો ૧૫ એપ્રિલે જ્યારે ટીમ જાહેર થશે ત્યારે જ ખબર પડશે. પરંતુ દક્ષિણ આફ્રિકાના મહાન ઓલરાઉન્ડર જેક કાલિસનો સ્પષ્ટ મત છે કે વિશ્વ કપ માટે દિનેશ કાર્તિકને ટીમ ઈન્ડિયામાં સ્થાન આપવું જરૂરી છે. દિનેશ કાર્તિક આઈપીએલ ૧૨ સિઝનમાં કોલકત્તા ટીમનો કેપ્ટન છે. ઋષભ પંત દિલ્હી ટીમ માટે રમે છે.


જેક કાલિસે કહ્યું કે, દિનેશ કાર્તિકને હું અનુભવ માટે પસંદ કરીશ. વિશ્વ કપમાં અનુભવ જરૂરી છે. તે જાણે છે કે વિપરીત પરિસ્થિતિમાં કેવી રીતે રમવું અને સારી સરેરાશ સાથે બેટીગ કરતાં મધ્યમક્રમમાં ટીમને મજબૂતી આપે છે. દિનેશ ડોટ બોલ નથી જવા દેતો. જો ટીમ ઈન્ડિયા દિનેશની પસંદગી નથી કરતું તો એ મોટી બેવકૂફી હશે. અહી નોંધનિય છે કે, વિશ્વ કપ ૩૦ મેથી ઈંગ્લેન્ડમાં રમાશે.

દિનેશ કાર્તિક અત્યારે આઈપીએલની ટીમ કોલકત્તા નાઈટરાઈડર્સનો કેપ્ટન છે. જેક કાલિસ આ ટીમના કોચ છે. કાલિસ દ્વારા કાર્તિકને સમર્થન આપવાનું કારણ એ પણ હોઈ શકે છે કે કોચ કાલિસ પોતાના કેપ્ટન કાર્તિકની રમત નજીકથી જોઈ પારખી શકે છે. આ કારણે તે એમની ખાસિયતો જાણતા હોય.

ટીવીનો જાણીતો એક્ટર શરદ મલ્હોત્રા આ મહિને લગ્નના બંધનમાં બધાઇ જશે

મુંબઈ

ટીવીનો જાણીતો એક્ટર શરદ મલ્હોત્રા આ મહિને લગ્નના બંધનમાં બંધાવાનો છે. શરદે હાલમાં જ દિલ્હી નિવાસી રિપ્સી ભાટિયા સાથે પોતાના લગ્નની જાહેરાત કરી હતી. શરદ અને રિપ્સી આ મહિનાની ૨૦ તારીખે લગ્નના બંધનમાં બધાવાના છે. આ સંજોગોમાં શરદ અને રિપ્સીનું લગ્નનું કાર્ડ સોશિયલ મીડિયામાં બહુ ઝડપથી વાઇરલ થઈ રહ્યું છે.



શરદ અને રિપ્સીનું લગ્નનું આ કાર્ડ પિસ્તા રંગનું છે અને એમાં રંગબેરંગી ફુલ દેખાઈ રહ્યા છે. શરદ અને ટિપ્સીનું નામ કાર્ડની વચ્ચે દેખાઈ રહ્યું છે અને એમાં લગ્નની વિધિની જાણકારી આપવામાં આવી છે. આ લગ્નના કાર્ડની સાથેસાથે મહેમાનોને બે ચોકલેટ બ્રાઉની પણ મોકલવામાં આવી છે.

શરદ હાલમાં ટીવી સિરિયલ મુસ્કાનમાં જોવા મળી રહ્યો છે. આ પહેલાં શરદ સિરિયલ કસમ તેરે પ્યાર કીમાં જોવા મળ્યો હતો. આ સિરિયલમાં તેની સાથે કૃતિકા સેંગર જોવા મળી હતી અને આ સિરિયલ સુપરહિટ સાબિત થઈ હતી.

રાજપીપળા શહેરમાં બાબા સાહેબ આંબેડકરની ૧૨૮મી જયંતિની ઉજવણી



રાજપીપળા : રાજપીપળા સહીત સમગ્ર નર્મદા જિલ્લામાં બાબા સાહેબ આંબેડકરની ૧૨૮ મી જન્મ જયંતિ ઉજવવામાં આવી, રાજપીપળા નગર પાલિકાના ચીફ ઓફિસર અમિત પંડ્યા સહીત પાલિકા કર્મચારીઓએ રાજપીપળામાં બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહાર ચઢાવી બાબા સાહેબ અમર રહોના નારા લગાવ્યા હતા ત્યારબાદ વાલ્મિકી,દલિત સમાજના આગેવાનો અને યુવાનો પણ હાજર રહી બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહાર ચઢાવી ઉજવણી કરવામાં આવી હતી.

રાજપીપળામાં રામનવમી નિમિત્તે શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા



રવિવારે રામનવમીનો દિવસ અને સાઈબાબા પ્રાગટ્ય દિવસ નિમિત્તે રાજપીપલા સાઈબાબાના મંદિરે થી એક શોભાયાત્રા નીકળી જેમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા આ શોભાયાત્રા શહેરના માર્ગો પર ફરી હતી ત્યારે ઠેર ઠેર ભગવાનની પાલખીના દર્શન કરવા ભક્તોની લાઈન લાગી હતી .સાઈ મંદિરના પુંજારી રોહિત મહારાજ સહીત તમામ ભક્તો દ્વારા દર વર્ષે આ શોભાયાત્રાનું વાજતે ગાજતે આયોજન કરવામાં આવે છે .

હળવદમાં ડા.બાબાસાહેબ આંબેડકરની ૧૨૮મી જન્મ જયંતિ ધામધૂમપૂર્વક ઉજવાઈ

આંબેડકર યુવા ગ્રુપ દ્વારા ઉજવણીનું કરાયું આયોજન : હળવદ પી.આઈ.અને મામલતદારે કેક કાપી ડો.બી.આર.આંબેડકરની જન્મ જયંતિની કરી ઉજવણી : મોટી સંખ્યામાં દલિત સમાજના લોકો રહ્યા ઉપસ્થિત

હળવદમાં ડા. બાબાસાહેબ આંબેડકરની ૧૨૮મી જન્મ જયંતિની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી.જેમાં હળવદ મામલતદાર અને હળવદ પી.આઈ.એ કેક કાપી ભારત રત્ન ડો.બાબા સાહેબની જન્મ જયંતિની ઉજવણી કરી હતી. ત્યારબાદ બાબાસાહેબની પ્રતિમાને દલિત સમાજના આગેવાનો અને યુવાનોએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં દલિત સમાજના આગેવાનો, યુવાનો સહિત બાળકો જય ભીમના નારા સાથે હોંશભેર જોડાયા હતા. ત્યારબાદ દલિત સમાજના આગેવાનો અને યુવાનોએ ડો. ભીમરાવ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

મહાન વિભુતિ અને ભારત રત્ન ડા. બાબાસાહેબ આંબેડકરની ૧૨૮મી જન્મ જયંતિ નિમિત્તે આંબેડકર યુવા ગ્રુપ તેમજ દલિત સમાજ દ્વારા ટીકર રોડ પર આવેલ ડા. બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી. આ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે સંદર્ભે હળવદ પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

કોંગ્રેસના ઉમેદવાર દિનેશ પટેલે ડો બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી

હળવદ ધાંગધ્રા ૬૪ વિધાનસભાના પેટાચૂંટણીના ઉમેદવાર દિનેશભાઈ પટેલે અને હળવદ પી.આઈ. એમ.આર. સોલંકી સહિત દલિત સમાજના આગેવાનોએ કેક કાપી જન્મ જયંતિની ભવ્ય ઉજવણી કરી હતી. આ વેળાએ મોટી સંખ્યામાં દલિત સમાજના આગેવાનો, યુવાનો સહિત બાળકો જય ભીમના નારા સાથે હોંશભેર જોડાયા હતા. ત્યારબાદ દલિત સમાજના આગેવાનો અને યુવાનોએ આજે હળવદ ખાતે ડોક્ટર બાબા સાહેબ આંબેડકર ની જન્મ જયંતિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરી હતી જેમાં મોટી સંખ્યામાં કોંગ્રેસી કાર્યકરો પણ હાજર રહ્યા હતા

શહેર ભાજપ અગ્રણીઓ દ્વારા પણ મહાન વિભૂતિ ડોક્ટર બાબા સાહેબ ને પુષ્પાંજલિ અર્પણ કરી

આજરોજ ડોક્ટર બાબા સાહેબ આંબેડકરની ૧૨૮ મી જન્મ જયંતી નિમિત્તે હળવદ શહેર ભાજપ પ્રમુખ અજય ભાઈ રાવલ રણછોડભાઈ દલવાડી સહિતના ભાજપ સહેર અગ્રણીઓ દ્વારા ડોક્ટર બાબા સાહેબ ને પુષ્પાંજલિ અર્પણ કરી હતી

રાજપીપળા નગરપાલિકા દ્વારા ફાયર ડે નિમિત્તે ફાયરના શહિદ જવાનોને શ્રદ્ધાંજલી રૂપે રેલી નીકળી



રાજપીપળા : ૧૯૬૮ થી ૧૪ એપ્રિલ ના દિવસને ફાયર સર્વિસ ડે તરીકે ઉજવાય છે ત્યારે રાજપીપળા નગરપાલિકાના ફાયર વિભાગ દ્વારા અગાઉ બોમ્બે શિપયાર્ડમાં ફાયરના ૫૦ જેટલા જવાનો શહીદ થયા હતા એમને શ્રદ્ધાંજલિ ના ભાગરૂપે રાજપીપળા નગર પાલિકાના ફાયર ફાયટરો એ એક શ્રદ્ધાંજલિ રેલી કાઢી તમામ ફાયર જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી રાજપીપળા નગરપાલિકા ખાતેથી નીકળેલી આ શ્રદ્ધાંજલિ રેલીમાં ફાયર વિભાગના ઈન્ચાર્જ મુકેશભાઈ સોલંકી, ફરીદભાઈ રાઠોડ અનેફાયર ની ટિમ દ્વારા અલગ અલગ ફાયરના વાહનો સાથે જોડાયા હતા અને આ રેલીને રાજપીપળા શહેરના મુખ્ય માર્ગો ઉપર ફેરવી શહિદો ને સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી .

નવસારી આરટીઓમાં ચાર ચક્રીય વાહનો માટે પસંદગીના નંબર મળશે

નવસારી

એ.આર.ટી.ઓ.કચેરી નવસારી ધ્વારા મોટરીંગ પબ્લીકના સગવડતા માટે સિલ્વર અને ગોલ્ડન નંબરની ફાળવણી માટે ઓનલાઈન ઈ-ઓકશન શરૂ કરવામાં આવેલ હતી. કચેરીમાં લાઇટ મોટર વ્હીકલ (ફોર વ્હીલર) ના નંબરો માટેની સીરીઝ GJ21-CA/CB-0001થી GJ21-CA/CB-9999 (ફોર વ્હીલર) બાકી રહેલા નંબરો માટે ઈ-ઓકશન માટે શરૂ કરવામાં આવ્યાં છે. ઈચ્છા ધરાવનાર વાહન માલિકો તેમનાં વાહનનું રજીસ્ટ્રેશન કરાવી ઓનલાઈન http://parivahan.gov.in/fancy પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી ઈ-ઓકશન માં ભાગ લઈ શકશે.

તા.૨૬/૦૪/૨૦૧૯ થી તા.૨૮/૦૪/૨૦૧૯ સુધીના રોજ ઈ-ઓકશન ઓનલાઈન માટે ફોર્મ રજીસ્ટ્રેશન કરાવવાના રહેશે અને એપ્લીકેશન કરવાની રહેશે. તા.૨૯/૦૪/૧૯ ના રોજ ઈ-ઓકશનનું બીડીંગ કરવાનું રહેશે. તા.૩૦/૦૪/૧૯ ના રોજ ફોર્મ કચેરીએ જમા કરાવવાના રહેશે. ફેન્સી નંબર મેળવવા ઇચ્છુક અરજદારોએ ઉપર દર્શાવેલ વેબસાઈટ ઉપર જઈને સી.એન.એ.ફોર્મ વાહન ખરીદીના સાત દિવસમાં અચૂક ઓનલાઈન ભરી દેવાનું રહેશે. વાહનનાં સેલ લેટરમાં સેલ તારીખથી ૬૦ દિવસના અંદરના જ અરજદારોએ હરાજીમાં ભાગ લેવા અરજી કરી શકાશે. સમય બહારની અરજીઓ રદ કરવામાં આવશે. તેમ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની યાદી જણાવે છે.

કારકિર્દી માર્ગદર્શન માટે ફોન પર સંપર્ક કરવો

નવસારી

નવસારી જિલ્લા રોજગાર વિનિમય કચેરી/ મોડલ કરીયર સેન્ટર નવસારી ધ્વારા તાજેતરમાં બોર્ડની પરીક્ષા આપેલ વિદ્યાર્થીઓ માટે ધોરણ-૧૦ અને ૧૨ પછી શુ ?, કારકિર્દી આયોજન, વિવિધ પરીક્ષાઓ અને સ્પર્ધાત્મક પરીક્ષા સબંધી તથા અન્ય કારકિર્દીલક્ષી માર્ગદર્શન અંગે ફોન પર કરીયર માર્ગદર્શન ચર્ચા કાર્યક્રમનું આયોજન દર ગુરુવારે સવારે ૧૦-૦૦ થી સાજે ૫-૦૦ કલાક સુધી જિલ્લા રોજગાર કચેરી, બહુમાળી મકાન, એ બ્લોક, ત્રીજો માળ, જુનાથાણા, નવસારી ખાતે રાખવામાં આવ્યો છે. કચેરી ટેલિફોન નંબર (૦૨૬૩૭) ૨૩૪૭૨૩ પર સંપર્ક સાધી તમામ મુંઝવણો દૂર કરવામાં આવશે. તેમ રોજગાર અધિકારી નવસારી ધ્વારા યાદીમાં જણાવાયું છે.

ગેર કાયદેસર પિસ્તોલ તથા છ કારતૂસ સાથે બે ઈસમોને આર. આર. સેલ., વડોદરા વિભાગ, વડોદરાનાઓએ પકડી પાડેલ

આગામી લોકસભા ચુંટણી શાંતીપ્રિય પસાર થાય તે માટે દારૂ બંદીનો કડક અમલ કરવા તેમજ ગેર કાયદેસર હથિયાર સાથે ગુનો કરવા નિકળતા ઈમમ વિશે માહિતી મેળવી પકડી પાડવા આપેલ સુચના અનુંશાર એચ.પી.ઝાલા,પોલીસ સબ ઈન્સ્પેકટર, આર. આર. સેલ, વડોદરા વિભાગ, વડોદરા તથા આર. આર .સેલનો પોલીસ સ્ટાફ આ કાર્યવાહી માટે પ્રયત્નશીલ હતા દરમ્યાન ગઈ કાલ તા.૧૨/૪/૧૯ના રોજ ખાનગી બાતમીદારથી ચોકકસ બાતમી હકિકત મળેલ કે, એક કાળા રંગની બજાજ પલ્સર મોટર સાયકલ નં. જી. જે.- ૦૬- એમસી- ૧૪૦૦ પર બે ઈસમો ગેર કાયદેસરના અગ્નિશસ્ત્રો લઈને અંકલેશ્વર જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલ કનોરીયા કંપની પાસે ફરી રહ્યા છે.

જે બાતમી આધારે પંચો સાથે વોચ ગોઠવી બાતમી મુજબનાનંબરવાળી મોટર સાયકલ સાથે (૧) બિરેન્દરસિંહ જસમીરસિંહ હાલ રહે. મીરાનગર અંકલેશ્વર જી.આઈ.ડી.સી. જી. ભરૂચ મુળ રહે. દાલનગર તા.બલીયા જી. લખીમપુર ખીરી (ઉત્તરપ્રદેશ) (૨) રાજસીંગ ઉર્ફે રાજુ સરદાર બાબુસીંગ ગુરૂ હાલ રહે.બી/૪ કૈલાશપતિ સોસાયટી રણોલી જી.વડોદરા મુળ રહે.કાબડા કોઠી તા.જી.સંગરૂર (પંજાબ) નાઓને પકડી તેઓના કબજામાંથી ગેર કાયદેસરની એક પિસ્તોલ કિ.રૂ. ૨૫,૦૦૦/- તથા છ જીવતા કારતૂસ કિ.રા.૬૦૦/- તેમજ બે મોબાઈલ તથા મોટર સાયકલ મળી કુલ રૂા.૭૭,૧૦૦/-નો મુદ્દામાલ કબજે કરી અંકલેશ્વર જી.આઈ.ડી.સી.પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવા તજવીજ કરેલ આ બંને ગુનેગારોની પુછપરછ દરમ્યાન આરોપી રાજસીગ ઉર્ફે રાજુ સરદાર રીઢો ગુનેગાર હોવાનું જણાઈ આવેલ તેના વિરૂધ્ધ ધાડ લૂંટના ઘણાં ગુનાઓ ગુજરાત તથાં અન્ય રાજ્યોમાં દાખલ થયેલ છે. જે પૈકી રાજસીગ ઉર્ફે રાજુ સરદાર વિરૂધ્ધ આણંદ જીલ્લાના વાસદ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૫૪/૨૦૧૭, તાપી જીલ્લાના સોનગઢ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૧૦૬/૨૦૧૭, ભિલવાડા (રાજસ્થાન) જીલ્લાના રાયલા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૧૭૫/૨૦૧૭ના લુંટના ગુનાઓ દાખલ થયેલા હોય આ ગુનાઓમાં તે નાસતો ભાગતો ફરતો હોય આ ગુનામાં પકડવાનો બાકી હોવાનું જણાય આવતા તે ગુનાઓમાં સોપણી કરવા તથાં આ આરોપીઓના રીમાન્ડ મેળવી વધુ ગુનાહિત માહિતી મેળવવા ચક્રો ગતિમાન કરેલા છે.

રાજપીપળામાં રામનવમીને રક્તદાતા દિવસ તરીકે ઉજવી યુવાનોએ એક ઉમદા સેવાકાર્ય કર્યું



રાજપીપળા : રવિવારે રામ નવમી નિમિત્તે રાજપીપળાના કેટલાક યુવાનોએ રક્તદાતા દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું ત્યારે આદિવાસી અને પછાત એવા નર્મદા જિલ્લામાં રક્ત દાનનું મહત્વ સમજાય અને રક્તદાન અંગે જનજાગૃતિ આવે તે હેતુ થી રાજપીપળાના પ્રહલાદભાઈ અગ્રવાલ અને ઈન્ડીઅન રેડ ક્રોસ સોસાયટીના સહયોગથી રક્તદાન શિબિર યોજાઈ હતી.

રક્ત નો કોઈ વિકલ્પ નથી ત્યારે સમાજે જ આગળ આવી રક્તદાન અંગે જાગૃતિ લાવવી પડશે તેમ જણાવી કેમ્પના આયોજક પ્રહલાદભાઈ અગ્રવાલે જણાવ્યું કે હવે રાજપીપળા શહેરમાં રક્તદાન અંગે જાગૃતિ આવી છે અને આજના આ કેમ્પમાં મોટી સંખ્યામાં રક્તદાતા ઓ એ રક્તદાન કરી આ કેમ્પ ને સફળ બનાવ્યો છે ત્યારે સાચા અર્થમાં ભગવાન રામનો જન્મોત્સવ ઉજવાયો છે રેડક્રોસ નર્મદાના ટ્રસ્ટી ભરતભાઈ વ્યાસે જણાવ્યું કે જિલ્લામાં જરૂરિયાતમંદને લોહી તાત્કાલિક મળી રહે તે માટે આવા ઉમદા કાર્યો કરનારા રક્તદાતાઓને કારણેજ રેડક્રોસ નર્મદા જિલ્લામાં ઘણા માનવજીવન બચાવવામાં સફળ રહી છે .

અંકલેશ્વરમાં ભંગારના ગોડાઉનમાં ભીષણ આગ: કોઈ જાનહાની નહિ

અંકલેશ્વર

અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે પર આવેલા નોબલ માર્કેટના ભંગારના ગોડાઉનમાં આજે બપોરના સમયે અચાનક આગ ભભૂકી ઉઠી હતી. જેને પગલે અંકલેશ્વર ડીપીએમસીના ફાયર ફાઈટરો ઘટના સ્થો પહોંચ્યા હતા અને આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા.

અંકલેશ્વર સ્થિત ભંગારના ગોડાઉનમાં લાગેલી આગને પગલે આસપાસના વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. જેને પગલે ગોડાઉન માલિક સ્થળ પર પહોંચી ગયો હતો. જોકે આગની ઘટનામાં કોઈ જાનહાની ન થઈ હોવાથી રાહતનો શ્વાસ લીધો હતો.

રાજપીપળા ખાતે અખિલ હિન્દ મહિલા પરિષદ દ્વારા પુત્રી વતી ભવ:નો અનોખો કાર્યક્રમ યોજાયો

રાજપીપળા શહેરમાં વર્ષ ૨૦૧૭-૧૮ માં જન્મેલી ૮૩ જેટલી દીકરીઓને લગભગ ૧૦૦૦ રૂપિયાની જીવન જરૂરી વસ્તુઓની કીટ આપી બેટી બચાવોના સુત્રને સાર્થક કરાયું

રાજપીપળા : પુત્રીનો જન્મ થતા જ પહેલાના જમાનામાં પિતા નું મોઢું વિમાસણમાં મુકાઈ જતું અને કેટલીક જગ્યા એતો પુત્રી જન્મતાંજ દૂધ પીતી કરવાના કુરિવાજો પણ હતા પરંતુ હવે જમાનો બદલાયો છે અને પુત્ર પુત્રી ના ભેદભાવ દૂર થયા છે ત્યારે પુત્રી પણ પુત્ર સમોવડી બનતી જાય છે સરકાર પણ બેટી બચાઓ બેટી પઢાઓના નારા સાથે આગળ વધી રહી છે ત્યારે સ્ત્રી ભ્રુણ હત્યાની વાતો હવે ભૂતકાળ બનતી જાય છે એ ટાણે રાજપીપળામાં સૌથી જૂની ગણાતી સ્ત્રી શશક્ત કરણનું ઉદાહરણ સમી અખિલ હિન્દ મહિલા પરિષદ રાજપીપળા શાખા દ્વારા એનઆરઆઈ મહેશભાઈ પરીખ અને ભારતીબેન પરીખના સૌજન્ય થી અનોખો કાર્યક્રમ યોજાયો આ કાર્યક્રમ પુત્રી વતી ભવ: ના નામે યોજાયો જેમાં રાજપીપળા શહેરમાં વર્ષ ૨૦૧૭-૧૮ માં જન્મેલી ૮૩ જેટલી દીકરીઓને લગભગ ૧૦૦૦ રૂપિયાની ચીજ વસ્તુ ઓની કીટ આપવામાં આવી આ કીટમાં નાની નાની બાલિકાઓને જરૂરી કપડાં અને ખાવા પીવામાં વપરાતા સાધનો સાથે બાળકની તંદુરસ્તી વધારતા ઔષધો પણ અર્પણ કરવામાં આવ્યા રાજપીપળા શહેરમાં ન્યાત જાતના ભેદભાવ વગર આવી ૮૩ બાળાઓને આ કીટ અર્પણ કરવામાં આવી કાર્યક્રમમાં અખિલ હિન્દ મહિલા પરિષદના પ્રમુખ મૃદુલાબેન પરીખ તથા ઉપપ્રમુખ હેમાબેન ગાંધી તથા કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા જેમાં સૌજન્ય દાતા દીપકભાઈ પરીખની પુત્રીઓ સંધ્યાબેન પટેલ અને લિશા શેઠ તથા મહેશભાઈ પરીખની પુત્રી દીપ્તિ પરીખનું વિશેષ યોગદાન રહ્યું હતું સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાજપીપળા ના જાણીતા ધારાશાસ્ત્રી બંકીમભાઈ પરીખે કર્યું હતું .

રાજપીપળામાં આયુર્વેદિક કોલેજનાં ખાતે પોસ્ટલ બેલેટથી યોજાયું મતદાન : ૯૦ અધિકારીઓ / કર્મચારીઓનું નોંધાયું મતદાન



જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી આઇ.કે. પટેલે ફેસીલીટેશન સેન્ટરની મુલાકાત લઈ મતદાન પ્રક્રિયાનું કરેલું નિરીક્ષણ જિલ્લામાં બે દિવસ દરમિયાન કુલ- ૩૫૪ નું પોસ્ટલ બેલેટથી નોંધાયેલું મતદાન આજે જીતનગર પોલીસ હેડક્વાર્ટર ખાતે પોલીસ-હોમગાર્ડઝ જવાનો માટે પોસ્ટલ બેલેટથી યોજાશે મતદાન

રાજપીપળા : નર્મદા જિલ્લામાં તા.૨૩ મી એપ્રિલ, ૨૦૧૯ ના રોજ યોજાનારી લોકસભા સામાન્ય ચૂંટણીઓ સંદર્ભે મતદાનનાં દિવસે ચૂંટણી ફરજ પર રહેનારાં અધિકારીઓ / કર્મચારીઓ પણ ચૂંટણીપંચની સૂચના મુજબ પોસ્ટલ બેલેટથી મતદાન દ્વારા તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી આઇ.કે. પટેલનાં માર્ગદર્શન હેઠળ આજે રાજપીપળામાં આયુર્વેદિક કોલેજ સંકુલમાં ઉભા કરાયેલા ફેસિલિટેશન સેન્ટર ખાતે યોજાયેલા મતદાનમાં ૯૦ જેટલા અધિકારીઓ / કર્મચારીઓએ મતદાન કર્યું હતું.

આઇ.કે. પટેલ આજે સવારે રાજપીપળામાં આયુર્વેદિક કોલેજનાં ફેસિલિટેશન સેન્ટરની મુલાકાત લઈ પોસ્ટલ બેલેટથી યોજાયેલા મતદાનની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. જિલ્લા ચૂંટણી અધિકારી આઇ.કે. પટેલે માધ્યમો સાથેનાં સંવાદમાં જણાવ્યું હતું કે, લોકસભાની આગામી ચૂંટણીમાં ફરજ ઉપર રહેનારા આ મત વિસ્તારના અધિકારીઓ / કર્મચારીઓ માટે ફેસીલીટેશન સેન્ટરની સુવિધાના માધ્યમથી પોલીગ સ્ટાફની મતદાનની કામગીરી આજે પણ અત્રે ચાલી રહી છે.

જીલ્લામાં કુલ આવા ૪૫૦૦ જેટલા પોલીગ સ્ટાફ ઉપરાંત જીઈૅ, પોલીસ વગેરે જેવા કર્મચારીઓ છે જે પોસ્ટલ બેલેટ અને ઈદ્બઝ (ઇલેક્શન ડ્યુટી સર્ટિફીકેટ) ની સુવિધા લેનારા છે તે પૈકી આજે દેડીયાપાડા વિધાનસભા વિસ્તારનાં શિક્ષકો જે તાલીમમાં છે તેઓ મતદાન કરી રહ્યાં છે. આવતીકાલે અને પરમ દિવસ માટે જિલ્લાના તમામ પોલીસ, હોમગાર્ડઝ, ઇદ્બ વગેરે જેવો સ્ટાફ કે જે ચૂંટણી ફરજમાં જોડાનાર છે તેમના માટે જીતનગર પોલીસ હેડક્વાર્ટર ખાતે ખાસ કેમ્પનું આયોજન કરાયું છે. જે કર્મચારીઓ પોતાના વિસ્તારમાં કામ કરે છે અને મત આપવાનો થતો હોય પણ તેમને ઇલેક્શન ડ્યુટી સર્ટિફીકેટ (ઈૅઝ) ઇશ્યુ કરવામાં આવે છે અને આવા સર્ટિફીકેટ તમામ ફરજ પરના કર્મચારીઓને આપવામાં આવે છે અને તેના આધારે જે તે મતદાન મથક પરની ફરજના સ્થળે ઇલેક્શન ડ્યુટી સર્ટિફીકેટ રજૂ કરીને પોતે મતદાન કરી શકશે. જે કર્મચારીઓ અન્ય વિાનસભા મતવિસ્તારમાં છે અથવા અન્ય સંસદીય મત વિસ્તારમાં છે તેવા કર્મચારીઓ માટે પોસ્ટલ બેલેટ ઈસ્યુ કરવામાં આવી રહ્યાં હોવાનું તેમણે ઉમેર્યું હતું. આજની આ મુલાકાત દરમિયાન મદદનીશ ચૂંટણી અધિકારી અને નાંદોદનાં પ્રાંત અધિકારી કે.ડી. ભગત, મામલતદાર બારોટ, ઈફસ મેનેજમેન્ટના નોડલ અધિકારી આર.વી. બારીયા, પોસ્ટલ બેલેટનાં નોડલ અધિકારી અને બીરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીના રજીસ્ટ્રાર વિજયસિંહ વાળા, પોસ્ટલ બેલેટના મદદનીશ નોડલ અધિકારી અને ઈૅ એસ.આર. ચૌધરી વગેરે પણ સાથે રહ્યાં હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે નાંદોદ વિસ્તાર માટે રાજપીપલા આયુર્વેદિક કોલેજ ખાતે ફેસીલીટેશન સેન્ટર ખાતે ૯૭ અને દેડીયાપાડા આદર્શ નિવાસી શાળાના ફેસીલીટેશન સેન્ટર ખાતે ૧૬૭ સહિત કુલ ૨૬૪ કર્મચારીઓએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું હતું. આમ, આજના નાંદોદનાં ૯૦ ના મતદાન સાથે જિલ્લામાં આજદિન સુધી કુલ- ૩૫૪ નું મતદાન નોંધાવા પામ્યું છે.તા.૧૫ મી એપ્રિલ, ૨૦૧૯ ના રોજ સવારનાં ૧૦-૦૦ થી સાંજના ૫-૦૦ કલાક દરમિયાન જીતનગર પોલીસ હેડક્વાર્ટરમાં ખાતે પોલીસ તાલીમ કેન્દ્રના ફેસીલીટેશન સેન્ટર ખાતે પોલીસ, હોમગાર્ડસ જવાનો માટે પોસ્ટલ બેલેટથી મતદાન યોજાશે.

છેલ્લા પાંચ વર્ષથી ખૂન કેસમાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી ભરૂચ એસ.ઓ.જી.



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાની સુચના અને માર્ગદર્શન આધારે નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવાની ઝુબેશ અન્વયે એસ.ઓ.જી. ભરૂચના પોલીસ ઈન્સપેકટર પી.એન.પટેલ તથા પો.સ.ઈ.કે.એમ.ચીધરી તથા પો.સ.ઈ.એસ.એન.ગોહિલ તથા એસ.ઓ.જી.પોલીસ માણસો એ.ટી.એસ. ચાર્ટર મુજબની કામગીરીમાં હતા દરમ્યાન પો.કો.મોહમદ ગુફરાન મોહમદ આરીફ નાઓની અંગત બાતમી આધારે વડોદરા શહેર માંજલપુર પો.સ્ટે. ગુ.ર.નંબર- ।-૧૯૯/૨૦૧૪ઈ.પી.કો.કલમ ૩૦૨,૨૦૧,૩૪ વિગેરે મુજબ ના કેસમાં પાંચ વર્ષથી નાસતો ફરતો આરોપી આર્યન ઉર્ફે ભયલુ ઉર્ફે સેહજાદ અકીલ ખોખર ઉ.વ.૨૯ રહે ગાંધીબજાર ચોક, ફાટા તળાવ પાસે, ભરૂચ નાઓ ફાટા તળાવ વિસ્તારમાં તેના રહેઠાણ નજીકથી તા.૧૩/૦૪/૨૦૧૯ ના રોજ ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

લીંબાયતમાં બે દિવસ પાણી પુરવઠો ઓછા પ્રેસરથી મળશે

તા.૧૬ અને ૧૭ માટે આગોતરી વ્યવસ્થા કરી લેવી

સુરત

વાલકથી ડીંડોલી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ પર આવતી રો-વોટરની ૧૫૨૪ મી.મી. વ્યાસની એમ.એસ. લાઈનમાં સાઉથ-ઈસ્ટ (લીંબાયત) ઝોન વિસ્તારમાં ગોડાદરા ચાર રસ્તા પર તથા ઈસ્ટ (વરાછા) ઝોન વિસ્તારમાં બીઆરટીએસ મેઈન રોડ ઉપર ભૈયાનગર બસ સ્ટેન્ડની પાસે લીકેજ રીપેરિંગની અગત્યની કામગીરી તા.૧૬-૪-૨૦૧૯ના રોજ હાથ ધરવામાં આવનાર છે. જેથી સાઉથ ઈસ્ટ ઝોન લીંબાયત વિસ્તારમાં આવેલ ડીંડોલી, પરવત, ગોડાદરા વિસ્તારોમાં તા.૧૬-૪-૨૦૧૯ તથા તા.૧૭-૪-૨૦૧૯ના રોજ પાણી પુરવઠો અવરોધાય અથવા ઓછા પ્રેશરથી અને ઓછા જથ્થાથી મળવાની શક્યતા છે. જેની જાહેર જનતાએ નોંધ લઈ જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો સંગ્રહ કરી તેનો બચત પૂર્વક ઉપયોગ કરવા વિનંતી. નાગરિકોને પડનાર અગવડ બદલ આથી દિલગીરી વ્યક્ત કરવામાં આવે છે તથા નાગરિકોને સહકાર આપવા વિનંતી કરવામાં આવી છે.

રાજપીપળા પાસે બાઈકનું ટાયર ફાટતા પાછળ બેઠેલા વ્યક્તિનું ઈજા બાદ મોત

રાજપીપળાથી મજૂરી કામ કરી પર મો.સા.ઉપર ઘરે જતા ગરુડેશ્વર તાલુકાના બે મિત્રોની બાઈકનું ટાયર ફાટતા એકનું મોત

રાજપીપળા : રાજપીપળા થી મજૂરી કામ કરી ઘરે જેઇ રહેલા બે મિત્રો ની બાઈક નું અચાનક રસ્તામાં પાછલું ટાયર ફાટતા અકસ્માત થયો જેમાં એકનું ઈજા બાદ સારવાર દરમિયાન મોત થયું હતું .

પ્રાપ્ત માહિતી અનુસાર ગરુડેશ્વર તાલુકાના જુનવદ ગામ થી રાજપીપળા ખાતે મજૂરી કામ અર્થે આવેલા બે મિત્રો પૈકી જશવંત જેઠાભાઇ વસાવા, રહે , નવવાઘપુરા, ગરુડેશ્વર અને ઉમેદ કુંજીભાઈ વસાવા , રહે ,જુનવદ, ગરુડેશ્વર ગતરોજ રાજપીપળા મજૂરી કામ કરી બાઈક નં-જીજે ૨૨ જે ૯૯૮૭ ઉપર ઘરે જતા હતા વડીયા જકાતનાકા આગળ આદર્શ નિવાસી શાળા પાસે હાઈવે રોડ ઉપર અચાનક ગાડીનુપાછળનુ ટાયર ફાટતા જશવંતભાઈ વસાવાએ સ્ટેરીગ ઉપરનો કાબુ ગુમાવી દેતા પાછળ બેઠેલ ઉમેદભાઇ રોડ પર પડી જતા માથાના ભાગે ઈજા થતા પ્રથમ સારવાર રાજપીપળા સીવીલ હોસ્પીટલમા કરાવી ત્યાંથી વધુ સારવાર માટે વડોદરા એસ.એસ.જી હોસ્પિટલ ખાતે દાખલ કરેલ જયા સારવાર દરમ્યાન તેમનું મોત થયું હતું રાજપીપળા પોલીસે આ બાબતે ગુનો દાખલ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે .

ચૂંટણી પંચે કરી સ્પષ્ટતા

હરામજાદા કે હરામખોર શબ્દ પ્રયોગથી આચાર સંહિતાનો ભંગ થતો નથી

સુરત

સુરતમાં ભાજપ અને કોંગ્રેસના નેતાઓ એક બીજાને ભાંડવા બેસે છે ત્યારે કોઇ મર્યાદા નથી રાખતા, પરંતુ, ચૂંટણી પંચ રાજકીય નેતાઓને મર્યાદામાં રહેવા માટે તેમનો કાન જરૂર આમળે છે. સુરત શહેરમાં અગાઉ ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ કોંગ્રેસના નેતાઓને સંબોધીને તેમને હરામજાદાઓ કહ્યા હતા, આ મુદ્દો હજુ ચર્ચામાં છે ત્યારે હવે સુરત શહેર કોંગ્રેસ પ્રમુખ બાબુ રાયકાનો વાણી વિલાસ ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.

થોડા દિવસ અગાઉ સુરત શહેર કોંગ્રેસ પ્રમુખ બાબુ રાયકાએ ભાજપના નેતાઓને ઉદ્દેશીને હરામખોર જેવો શબ્દ પ્રયોગ એક ચૂંટણી સભાને સંબોધતા કર્યો હતો. આ ચૂંટણી સભામાં બાબુ રાયકાના વાણી વિલાસનો વીડિયો ખુદ કોંગ્રેસી નેતાઓએ જ વાઈરલ કર્યો અને એટલો વાઈરલ કર્યો કે કોંગ્રેસના હરીફ ભાજપા તરફથી કોઈપણ પ્રકારની ફરિયાદ આ અંગે બાબુ રાયકા સામે કરવામાં આવી નથી, આમ છતાં સ્થાનિક ચૂંટણી પંચના આચારસંહિતા જાળવણી વિભાગે સ્વયં બાબુ રાયકા સામે ફરિયાદ દાખલ કરી છે.

જ્યારે ચૂંટણી પંચ સામે ચાલીને કોઇ નેતા સામે આચારસંહિતાના ભંગની ફરિયાદ દાખલ કરે ત્યારે તેને સ્યુઓમોટો ફરિયાદ કહેવાય છે. ચૂંટણી પંચે સુરત શહેર કોંગ્રેસ પ્રમુખ બાબુ રાયકા સામે કેટલાક વાંધાજનક ઉચ્ચારણો બદલ આચારસંહિતા ભંગની ફરિયાદ દાખલ કરી છે. ચૂંટણી અધિકારીઓ પાસે બાબુ રાયકાના વાણી વિલાસના વીડિયો છે આમ છતાં જે વિસ્તારમાં ચૂંટણીસભા યોજાઇ હતી એ વિસ્તારના ચૂંટણી અધિકારીને સમગ્ર મામલાની તપાસ સોંપવામાં આવી છે.

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

નબીપુર પો.સ્ટે.ની છેલ્લા ચાર વર્ષથી ગુમ અપહ્યત કીશોરીને તથા તેનુ અપહરણ કરનાર આરોપીને ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી.



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાનાઓએ જીલ્લા માં બાળકોને શોધી કાઢવા આપેલ સુચના આધારે એલ.સી.બી.ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેક્ટર જે.એન.ઝાલાના જીલ્લા અગાઉના વર્ષોમાં ગુમ થયેલ બાળકો/કીશોરીઓ તથા તેઓનુ અપહરણ કરનાર આરોપી ઓને હસ્તગત કરવા માર્ગદર્શન આપી એલ.સી.બી. શાખામાં અલગ અલગ ટીમની રચના કરવામાં આવેલ જે અન્વયે પો.સ.ઇ વાય.જી. ગઢવી તથા પો.સ.ઇ પી.એસ.બરંડાની ટીમના અ.હે.કો કનકસિંહ તથા પો.કો. અરૂણાબેનને તેઓના ખાનગી અને વિશ્વાસુ બાતમીદારથી સંયુક્ત રીતે બાતસી મળેલ કે નબીપુર પો.સ્ટે. ગુ.ર.નં. ।૪૫/૨૦૧૫ ૧૨૮ કલમ ૩૬૩, ૩૬૬ પોક્સો એક્ટ ૪, ૫ મુજબના કામે ભોગબનનાર કિશોરી તથા આરોપી કાઠીયાવાડથી મજુરી કરી પોતાના ગામ સિંધ્રોત ખાતે આવેલ છે જે બાતમી આધારે અપહ્યત કિશોરીને તથા અપહરણ કરનાર આરોપીને પકડી પાડી ધોરણસરની કાર્યવાહી માટે ભરૂચ સર્કલ પોલીસ ઈન્સ.સા શ્રી ની કચેરી ખાતે સોપવામાં આવેલ છે.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અઢળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847